
એપ્રિલ ૨૦૧૭

# દાદાવાણી

કિંમત ₹ ૧૦




**અહંકારને લીધે જ આ જગત ઊભું રહ્યું છે. એનું રૂટ કૉઝ અજ્ઞાનતા છે. અહંકારનો જ ડખો છે. ક્રોધ-માન-માયા-લોભ અહંકારના આધીન છે. અહંકાર કાઢી લે તો ક્રોધ-માન-માયા-લોભ બધાં મડદાલ થઈ જાય.**

તંત્રી : ડિમ્પલ મહેતા
વર્ષ : ૨૨, અંક : ૮
સળંગ અંક : ૨૬૦
**એપ્રિલ ૨૦૧૭**

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :**(૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

**Printed & Published by**
**Dimple Mehta** on behalf of
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.
**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**કુલ ૩૨ પેજ કવર પેજ સાથે**

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૭૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## ઓળખો અંતઃકરણના ડખાને

### સંપાદકીય

જ્ઞાનીની દ્રષ્ટિએ મનુષ્ય જીવન એ શું છે ? જુદા જુદા સંયોગોની શ્રૃંખલા. એ સર્વે વિનાશી સંયોગોથી ભિન્ન એવો પોતે અવિનાશી આત્મા છે. સર્વે સંયોગો પરિણામ સ્વરૂપ છે પણ પોતે અજ્ઞાનતા, અહંકાર, બુદ્ધિથી ડખો કરી રાગ-દ્વેષ કરે છે અને નવા સંયોગો ઊભા કરે છે.

આત્માનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી અજ્ઞાન જાય પણ અંતઃકરણ રહે છે. હવે અંતઃકરણમાં રહેલી બુદ્ધિ રોજિંદા જીવન વ્યવહારમાં કઈ રીતે ઓળખીને બુદ્ધિના ડખાથી મુક્ત રહેવું એ જાણી લેવું આવશ્યક છે. બુદ્ધિ જ્યાં જાય ત્યાં નફો-ખોટ, સાચું-ખોટું, સુખ-દુઃખ દેખાડ્યા જ કરે ને અશાંતિ કરાવે. બુદ્ધિ એ દ્વંદ્વની માતા છે. પરીક્ષણ કરવું એ જ બુદ્ધિનું કામ, ને પછી એ ઈમોશનલ કરાવે. જ્યારે એ અહંકાર સાથે ભળે ત્યારે વિકૃતિના ડખા સર્જે છે જેમ કે 'હું જાણું છું, હું કંઈક છું, હું વિશેષ છું.' પછી પોતાની સમજણે કૂદાકૂદ કરી ડખા કરે ને બુદ્ધિથી સામાને મારે, દુઃખ આપે ને પોતે પણ પછી ભોગવે. આમ બુદ્ધિ ન્યાય ખોળવા જાય ત્યારથી અંતઃકરણમાં ડખાની શરૂઆત થાય છે.

સરળ ભાષામાં બુદ્ધિના ડખા એટલે જેમ દૂધમાં મેળવણ નાખીએ તો તરત દહીં ના જામે, પણ રઘવાયો જીવ ધીરજ ના ધરી શકે. થોડી થોડી વારે ચમચી નાખી જુએ કે દહીં થયું કે નહીં ? એ શું કહેવાય ? 'બુદ્ધિના ડખા'. જે બુદ્ધિને સેન્સિટિવ કરે એટલે અંતઃકરણ અસ્થિર થાય. દાદાશ્રી કહે છે, બુદ્ધિ એની મેળે વ્યવહારિક બાબતોમાં કુદરતી વપરાય એટલી જ કામની, બાકી વધારાની બુદ્ધિ ડખા કર્યા વગર ના રહે.

પ્રસ્તુત અંકમાં દાદાશ્રીએ બુદ્ધિના ડખાની છણાવટ કરતા કહે છે કે આ બુદ્ધિના બારણા બંધ થશે ત્યારે જ મોક્ષની તૈયારી શરૂ થશે. જ્ઞાન પછી આ ડિસ્ચાર્જ બુદ્ધિ એની મેળે ઓગળી જશે, જો મહીં ડખોડખલ ના કરે તો. બુદ્ધિની પરાકાષ્ટા પામીને બુદ્ધિથી પર થયેલા અબુધ જ્ઞાની પુરુષ બુદ્ધિને સમગ્ર દ્રષ્ટિબિંદુથી સમજાવતા કહે છે કે આત્માનો પ્રકાશ થયા પછી બુદ્ધિના પ્રકાશની જરૂર રહેતી નથી. કારણ કે જે ડિસ્ચાર્જ બુદ્ધિ અંતઃકરણમાં વણાયેલી છે, એ વ્યવહારના કામો કરી લેતી જ હોય છે.

આત્મા પ્રાપ્ત થયા પછી 'હું' પોતે સ્વરૂપમાં રહે તો અંતઃકરણથી આત્મા જુદો જ છે. આત્મા જુદો થાય પછી સાંસારિક કાર્ય અંતઃકરણથી ચાલ્યા કરે છે ને બંધન વગરની સ્થિતિ, સહજ દશા અને મુક્તિ અહીં જ અનુભવાય છે. આપણે સહુ મહાત્માઓ જ્ઞાનીની સમજણે જ્ઞાનનો પુરુષાર્થ આદરી ડખા મુક્ત રહી, મુક્તિનો અનુભવ પામીએ એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# ઓળખો અંતઃકરણના ડખાને

## પોતાના દોષે પોતાને દંડ

**પ્રશ્નકર્તા :** દાદા, આપણને જે દુઃખ ભોગવવાના આવે એ પોતાના દોષે કે બીજાના દોષે પોતાને દંડ મળે ?

**દાદાશ્રી :** ના, એમાં કોઈનોય દોષ નહીં. પોતાના દોષથી જ સામેવાળા નિમિત્ત બને. આ તો ભોગવે એની ભૂલ. કરવું, કરાવવું અને અનુમોદવું, એ અનુમોદનનુંય ફળ આવે. કર્યા વગર ફળ ના આવે.

**પ્રશ્નકર્તા :** અનુમોદન કોને કહેવાય ?

**દાદાશ્રી :** આ કોઈ કંઈક કરતા અચકાતો હોય તો તમે કહો કે 'તું તારે કર, હું છું ને !' તે અનુમોદન કહેવાય. અનુમોદન કરનારની વધારે જોખમદારી કહેવાય ! કર્યાનું ફળ કોને વધારે મળે ? ત્યારે કહે, જેણે વધારે બુદ્ધિ વાપરી તેના આધારે તે વહેંચાઈ જાય ! આ લોક તો કેવા છે કે બીજાની બધી જ ભૂલો જડે અને પોતાની એકેય ભૂલ ના દેખાય. જ્યારે મન આડું ચાલે ત્યારે કહે કે હવે તો આ જગતથી કંટાળ્યો ! મહીં બુદ્ધિ ડખો કરે ત્યારે કહે કે મારી બુદ્ધિ આડી થાય છે. મહીં પાર વગરના 'રામાયણ' અને 'મહાભારત' બધું જ છે, તેનો જ તે માલિક થઈ બેઠો છે !

## આપણું ખાઈને આપણને હેરાન કરે બુદ્ધિ

**પ્રશ્નકર્તા :** પેલો બુદ્ધિનો ડખો હોય એમ મને લાગે છે, દાદા.

**દાદાશ્રી :** બુદ્ધિ કરે છે, પણ એ તો બુદ્ધિનો સ્વભાવ છે. હવે આ જ્ઞાન હોય ને, ત્યાર પછી આપણે સમજીએ કે કોઈ દોષિત છે જ નહીં. એ બધું ખોટું દેખાય છે, તે બુદ્ધિ દેખાડે છે ને આપણને હેરાન કરે છે. આપણી બુદ્ધિ આપણું ખાઈને આપણને હેરાન કરે. ખાય છે આપણું, રહેવું છે આપણા મકાનમાં ને પછી હેરાન પણ આપણને કરે છે.

## ડખા થાય ભેદબુદ્ધિથી

**પ્રશ્નકર્તા :** આ ખાલી સમજવા જ પૂછું છું, કે આ બુદ્ધિ ને આ બધું જે છે, એ આત્માનું જ એક અંગ નથી ?

**દાદાશ્રી :** ન હોય, એ આત્માનું અંગ નથી. બુદ્ધિ અને આત્મા, બે જુદી વસ્તુ છે. બુદ્ધિ હંમેશાં ઈગોઈઝમવાળી (અહંકારવાળી) હોય અને જ્ઞાન નિર્‌અહંકારી હોય.

બુદ્ધિ એ ઇન્ડિરેક્ટ નોલેજ (પરોક્ષ જ્ઞાન) છે, ઇન્ડિરેક્ટ લાઈટ (પરોક્ષ પ્રકાશ) છે અને જ્ઞાન એ આત્માનો ડિરેક્ટ લાઈટ (પ્રત્યક્ષ પ્રકાશ) છે. એટલે જગત ઈન્ડિરેક્ટ પ્રકાશથી જ જીવે છે અને અમારે ડિરેક્ટ પ્રકાશ હોય. તમારે જ્ઞાનનો પ્રકાશ નથી, બુદ્ધિનો પ્રકાશ છે. એટલે તમને ભેદ હોય કે આ આટલું અમારું ને આ એમનું. તમે તમારી જગ્યામાં બરોબર બેસી ગયા હોય તોય તમે પેલાને કહેશો કે 'ભઈ, આ જગ્યા મારી છે.'

આ તો ભેદબુદ્ધિથી જુદાઈ લાગે છે. જ્યાં સુધી આપણી બુદ્ધિ છે ત્યાં સુધી આ ડખો રહે. બુદ્ધિ ખલાસ થાય કે પછી અભેદતા લાગે. બુદ્ધિ શું કરે ? ભેદ પાડે. આત્મા પ્રાપ્ત થાય એટલે બધો ડખો છૂટી જાય. ત્યાં જુદાઈ નથી રહેતી પછી. જુદાઈ ક્યાં સુધી ? બુદ્ધિમાં ડખો છે ત્યાં સુધી. ભેદબુદ્ધિ છે ત્યાં સુધી. જ્યાં ભેદબુદ્ધિ હું આ છું, હું ચંદુભાઈ* છું, એવું હોય આ પેલા છે, એટલે બીજા જોડે જુદાઈ પડી ને ?

## રાગ-દ્વેષ રૂપી ડખાથી ખડો સંસાર

આ બુદ્ધિએ તો જાતજાતના સંયોગના ભેદ

* ચંદુભાઈની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

પાડ્યા. કોઈ કહે કે 'આ સારું', ત્યારે કોઈ કહે કે 'આ ખરાબ !' એકને જલેબીનો સંયોગ ગમે તો તેને એ 'સારું' કહે ને બીજાને એ ના ગમે તો એને એ 'ખરાબ' કહે. એમાં પાછો અભિપ્રાય આપે કે આ સારું ને આ ખરાબ. તે પછી રાગ-દ્વેષ ઊભા થઈ જાય, એથી તો સંસાર ઊભો છે. આ નાના છોકરાને હીરો અને કાચ આપ્યો હોય તો એ કાચ રાખે અને બાપ હીરો લઈ લે, કારણ કે બુદ્ધિથી બાપ હીરો લે. બુદ્ધિથી તો સંસારફળ મળે એવું છે.

આપણા લોકો ગાયનો પોદળો ઝાલે અને માણસનો ના ઝાલે. એય પોદળા જ છે ને ! એનું કારણ શું ? ત્યારે કહે, એણે પોતે જ એની કિંમત ગોઠવેલી છે, વેલ્યુએશન પોતે જ કરેલી છે આ. કુદરતને ઘેર આવું કશું છે નહીં. સુગંધ હોય કે દુર્ગંધ હોય બેય સરખું છે કુદરતને ઘેર. ત્યાં સરખું છે અને અહીં સરખું નથી. ત્યાં સરખું શી રીતે છે? ત્યારે કહે, બધું જ્ઞેય સ્વરૂપે છે.

જે ગંધાય છે તેની ઉપર દ્વેષ થાય છે અને સુગંધી આવે છે તેમાં રાગ થાય છે. આ બે ડખા ઊભા થાય ને તેનાથી સંસાર ઊભો થયો છે. તેમાં આમાંનું કશું છે જ નહીં. આ બધું સંસાર વ્યવસ્થા જ છે. આ બધું સમાજ વ્યવસ્થા, સારું ને ખોટું, આમ ને તેમ !

જગતમાં 'શુદ્ધાત્મા' અને 'સંયોગ' બે જ વસ્તુ છે. બહાર ભેગા થાય તે સંયોગ, તે હવા ઠંડી લાગે. વિચારો આવે એ સંયોગ, પણ બુદ્ધિથી 'આ ખરાબ છે' અને 'આ સારું છે' તેમ દેખાય, અને તેનાથી રાગ-દ્વેષ કર્યા કરે છે. જ્ઞાન શું કહે છે કે 'બંને સંયોગ સરખા જ છે. સંયોગથી તું પોતે મુક્ત જ છે, તો પછી ડખો શું કામ કરે છે ? આ સંયોગ તને પોતાને શું કરવાનો છે ?' આ તો સંયોગ છે તે કશું જ કરનાર નથી, પણ બુદ્ધિ ડખો કરાવે છે. બુદ્ધિ તો સંસારનું કામ કરી આપે. બુદ્ધિ મોક્ષે ના જવા દે, જ્યારે જ્ઞાન મોક્ષે લઈ જાય.

## બધામાં બુદ્ધિનો ડખો પહેલો

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ એ જ માયા ?

**દાદાશ્રી :** ના, માયા એટલે અજ્ઞાન. જ્ઞાન મળે એટલે અજ્ઞાન-માયા જાય પણ અંતઃકરણ તો રહે જ, બુદ્ધિ રહે જ. બુદ્ધિ સંસાર માટે હિતકારી વસ્તુઓમાં હાથ ઘલાવે ને સંસારમાં ભટકાવે છે. બુદ્ધિ શું છે ? કોઈ તમારા છોકરાને ફસાવતો હોય તો તમારી બુદ્ધિ વચ્ચે પડાવે. ખરી રીતે તો 'વ્યવસ્થિત' જ બધું કરે છે છતાં બુદ્ધિ ડખો કરાવે છે. પહેલાં મન બુદ્ધિને ફોન કરે ત્યારે પોતે મહીં ડખો કરી શકે. શું કહ્યું, શું કહ્યું ? બધાયમાં એનો ડખો પહેલો. રાત્રે ઊંઘમાં સ્વપ્નમાં એ ડખો નથી કરતી તો પાંસરું ચાલે છે, તે મૂઆ આ જાગતાંય સ્વપ્નું જ છે ને !

## બુદ્ધિની વપરાશ, પરિણામે ડખો જ

આપણે કઢી બનાવીએ, એમાં બુદ્ધિ વાપરીએ તો શું થાય?

**પ્રશ્નકર્તા :** કઢી બગડી જાય.

**દાદાશ્રી :** કેમ ? બુદ્ધિ પણ પ્રકાશ છે ને ? એટલે બુદ્ધિ એની મેળે, કુદરતી રીતે જે વપરાય છે એટલી બુદ્ધિ જ કામની છે. બીજી વધારે પડતી બુદ્ધિ છે એ હેરાન હેરાન કરી નાખે છે, અને જો બુદ્ધિ વાપરવી હોય તો બધે જ વાપરો ને ! આ લોક પાણી પીએ છે એ બુદ્ધિપૂર્વક પીતા હશે ? બુદ્ધિપૂર્વક એટલે શું ? કે આ પાણીમાં કશું પડ્યું હોય એ બધું જુએ-વિચારે, ત્યાં એવી બુદ્ધિ વાપરે ખરા ?

**પ્રશ્નકર્તા :** ના, દાદા.

**દાદાશ્રી :** ત્યારે ખાવાનું ખાય છે એ બુદ્ધિપૂર્વક ખાતા હશે ને કે દાળમાં બનાવતી વખતે શું પડ્યું હશે ? ઉપરથી ગીલોડીએ ગલ કાઢ્યો એ મહીં પડ્યું-કર્યું એવો વિચાર કરે ? એટલે બુદ્ધિ વાપરે તો ખવાય પણ નહીં કે પીવાય પણ નહીં. આ હોટલવાળાને ત્યાં જઈને પણ ખઈ આવે છે, ત્યાં પણ બુદ્ધિ નથી વાપરતા. જો બુદ્ધિ વાપરે તો ? તે પછી ખવાય શી રીતે ? માટે બુદ્ધિ કેટલામાં વાપરવી જોઈએ, એનું આપણે ડીસિઝન લાવવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** આ બુદ્ધિ કેમ વાપરવી, ક્યાં વાપરવી, ક્યાં નહીં વાપરવી, એ આમ સામાન્ય માણસોને ખબર પડે નહીં ને ?

**દાદાશ્રી :** પણ આટલા ભાગમાં નથી વાપરતા, તે કંઈ ખોટ ગઈ એ લોકોને ?

**પ્રશ્નકર્તા :** નથી ગઈ.

**દાદાશ્રી :** અને બુદ્ધિ વાપરી હોત તો વધારે ખોટ જાત. એટલે જ્યાં જ્યાં બુદ્ધિ વપરાય છે ને, ત્યાં ત્યાં એ નર્યો ખોટનો જ વ્યાપાર છે અને જરૂર હોય ત્યાં એની હદમાં વપરાઈ જ જાય છે. ત્યાં બુદ્ધિ એની મેળે કુદરતી રીતે જ જોઈન્ટ થયેલી છે, અંતઃકરણમાં એ સુમેળ રીતે જોઈન્ટ થયેલી છે. એમાં આપણે એક્સેસ વાપરીએ, તેની આ બધી ભાંજગડ ઊભી થઈ છે.

## ડખા વિપરીત બુદ્ધિના જ

**પ્રશ્નકર્તા :** પણ આ બુદ્ધિ તો સારું દેખાડે ને ખરાબેય દેખાડે.

**દાદાશ્રી :** ના. જેને જરૂરિયાત જેટલી જ બુદ્ધિ છે, પોતાની 'નેસેસિટી' પૂરતી બુદ્ધિ છે, એને પાંચ છોડીઓ હોય તોય પણ એ (ચારિત્ર સંબંધી) વિચાર જ આવે નહીં. વિચાર આવે તો શંકા આવે ને ?

**પ્રશ્નકર્તા :** એટલે વધારે બુદ્ધિ હોય તો જ આ ડખલ થાય ?

**દાદાશ્રી :** વધારે બુદ્ધિ જ આ ડખલ કરે. કારણ કે આ કાળની બુદ્ધિ વિપરીત ગણાય છે, વ્યભિચારિણી બુદ્ધિ કહેવાય છે. એટલે પછી માર જ ખવડાવ ખવડાવ કરે.

**પ્રશ્નકર્તા :** અને જરૂર પૂરતી બુદ્ધિવાળાને વિચાર જ ના આવે, એમ ?

**દાદાશ્રી :** હા. જરૂર પૂરતી બુદ્ધિવાળા કેટલાંક હિન્દુસ્તાનમાં હોય છે કે એને પછી બીજો વિચાર જ ના આવે. અક્કલવાળા એટલે વધુ વિચારવાળા, વધુ બુદ્ધિવાળા. અક્કલવાળા પર અમને એમ થાય કે કેટલો માર ખાઈશ તું તે ? એટલે જ્યારે એને કંઈક દુઃખ ભોગવવાનું થાય, ખરેખરું દુઃખ ભોગવવાનું થાય ત્યારે શંકા ઉત્પન્ન થાય.

## શંકા એ બુદ્ધિનો ડખો

પ્રભુશ્રીએ કૃપાળુદેવને કાગળ લખેલો કે મને હવે દેહ છૂટી જાય એવું લાગે છે, માટે મને આપના દર્શન ક્યારે થશે ? એટલે કૃપાળુદેવે કાગળ લખ્યો કે શાથી તમને દેહ છૂટી જાય એવું લાગે છે ? ત્યારે કહે કે 'મારું નામ લલ્લુભાઈ છે અને બીજા અહીં દર્શન માટે આવતા હતા તેમનું નામ પણ લલ્લુભાઈ હતું, એ લલ્લુભાઈ બે-ત્રણ દહાડા માંદા થયા ને 'ઓફ' થઈ ગયા અને હું તો મહિનાથી માંદો છું. મારી અને એમની રાશિ એક છે.' હવે આ એમણે બુદ્ધિ વાપરી. એટલે કૃપાળુદેવે એમને લખ્યું કે 'મરવાનો ભો રાખશો નહીં'. એવું લખ્યું એટલે પછી એમને ત્યાં બુદ્ધિ ઠેકાણે રહે. કોઈક કહે અગર તો ડૉક્ટર કહે કે 'કશો વાંધો નથી', ત્યારે બુદ્ધિ ઠેકાણે રહે. ત્યારે ડૉક્ટર કહે છે એ સાચી જ વસ્તુ છે ? એ પણ આશરે જ બોલે છે. પણ ડૉક્ટરનું સાચું માને, એવું તમારી જાત ઉપર સાચું માનવાનું નથી લાગતું ?

એટલે ડૉક્ટરના કહ્યા વગર તું જ નક્કી કર ને, કે 'કશો વાંધો નથી. મને કશું થવાનું નથી.' અને વાંધો આવશે ત્યારે એ છોડવાનું નથી. માટે વાંધો રાખવાની જરૂર જ ક્યાં રહી ? ભય રાખવાનું કારણ જ ક્યાં રહ્યું ? શંકાથી જ માણસ વધારે મરી જાય છે, શંકા જ માણસને મારી નાખે છે.

**પ્રશ્નકર્તા :** તો શંકાનું મૂળ શું ? શંકા કેમ આવતી હશે ?

**દાદાશ્રી :** શંકા એ બુદ્ધિનો ડખો છે, વધુ પડતી બુદ્ધિનો ડખો છે એ. એટલે શંકા ઉત્પન્ન કરનારી બુદ્ધિ બધું ઊંધું દેખાડે. એ શંકા ઊભી કરે, અનર્થકારક ! જગતમાં બધા અનર્થનું મોટામાં મોટું મૂળ હોય તો શંકા, એ પછી વહેમ એની અંદર આવી જાય. પહેલો વહેમ પડે. બુદ્ધિ એને વહેમ પાડે. એટલે શંકા એ બધું બુદ્ધિનું જ પ્રદર્શન છે. એથી આપણે ત્યાં તો હું એક જ કહું છું કે શંકા કોઈ જાતની રાખશો જ નહીં. ને શંકા રાખવા જેવું જગતમાં ખાસ કારણ છેય નહીં. એટલે શંકાનું મૂળ બુદ્ધિ છે.

**પ્રશ્નકર્તા :** આ માણસ ડખો કરે છે, એવી એના ઉપર શંકા આવે તો શું થાય ?

**દાદાશ્રી :** ડખો કોઈ કરતું જ નથી. એવી શંકા લાવનાર જ ગુનેગાર. શંકા લાવનારને જેલમાં ઘાલી દેવો જોઈએ. બાકી એવી શંકા કરનારો માર ખાય. શંકા આવે એટલે માર ખાય, પોતે જ માર ખાય. કુદરત જ એને માર આપે. બીજા કોઈએ માર આપવો નહીં પડે.

શી રીતે જગત ઘડીવારેય જંપીને રહી શકે ? કેટલી જાતનાં ભૂતાં, ને કેટલી જાતની શંકાઓ ? ને શંકામાં કેટલું દુઃખ પડતું હશે ! આ જેટલા બધા તાપ છે ને, તાપ, સંતાપ, પરિતાપ, ઉત્તાપ, એ બધા શંકાથી ઊભા થયા છે.

## ખરા બુદ્ધિશાળી મટાડી શકે ડખા

મુંબઈમાં રોજ (સત્સંગમાં) બુદ્ધિવાળા આવે છે, તે એમની ખુમારી હોય. તે પછી હું એમને કહું છું કે 'તમે બુદ્ધિશાળી છો ?' ત્યારે કહે, 'અમે બુદ્ધિજીવી તો ખરા જ ને !' મેં કહ્યું, 'ઘરમાં વઢવાડ થાય છે?' ત્યારે કહે, 'મહિનામાં પાંચ-સાત દહાડા, વધારે નહીં.' મેં કહ્યું, 'ખરા બુદ્ધિશાળી હોય તો એને કોઈની જોડે ડખો જ ના થાય.' બુદ્ધિશાળી માણસ તો બધા ડખા મટાડી શકે છે. તમામ પ્રકારના ડખા મટાડી શકે છે પણ ચિંતા ના મટાડી શકે. ચિંતા જરાક તો થાય જ. કારણ કે અવળે રસ્તે છે ને એટલે ! પણ ડખા મટાડી શકે.

એટલે ઘણાં બધાં દુઃખો તો (સવળી) બુદ્ધિથી નિવારણ કરી શકાય એવા છે. છતાંય બુદ્ધિશાળીઓને જેને ઈન્ટેલિજિન્શીયા (બૌધિકો) કહેવામાં આવે છે ને, એ બધાને ત્યાં એ જ દુઃખો ભરાયેલાં છે.

## બુદ્ધિશાળી ન કરે ડખો

આ તો મેજિસ્ટ્રેટ સાહેબ ઘરમાં આવ્યા ત્યારે બઈ એમની જોડે બોલે નહીં અને મેજિસ્ટ્રેટેય ના બોલે. બેઉ પંદર-પંદર દહાડા સુધી ચઢેલાં મોઢાં લઈને ફરતા હોય, અને કહે, 'અમે બુદ્ધિશાળી.' અલ્યા, શેને બુદ્ધિ કહે છે ? આ તો બુદ્ધિ હોતી નથી ને મનમાં માની બેઠો હોય કે હું બુદ્ધિશાળી ! બુદ્ધિ હોય તો બૈરી જોડે વઢવાડ કેમ થાય છે, મૂઆ? બૈરી રીસાઈ હોય તો સવારમાં નિકાલ કરતાંય ના આવડે, એને બોલતી કરવી હોય તો ના આવડે. ત્યારે મૂઆ, એનું નામ અક્કલ કેમ કહેવાય? મેજિસ્ટ્રેટ મોઢું ચડાવીને ફરે ને પેલા પટરાણીએય મોઢું ચઢાવીને ફરે. એ તો મિનિંગલેસ (અર્થહીન) છે ! બુદ્ધિશાળીને તો કોઈની સાથે ડખલ ના થાય.

કોઈ પણ માણસનું નુકસાન ના થાય અને પોતાનુંય કિંચિત્‌માત્ર નુકસાન ના કરે, એ બુદ્ધિશાળી કહેવાય. બુદ્ધિશાળી તો કોઈની જોડે ડખો કરીને ના સૂએ, બધે તાળાં વાસીને સૂએ. અને વકીલની, ડૉક્ટરની, કોઈનીય જરૂર ના પડે. કોઈ દહાડો કોઈની જોડે મતભેદ ના થાય, ત્યારે સમજીએ કે આપણે બુદ્ધિશાળી છીએ. આ તો મતભેદ થાય એટલે અથડામણ થાય.

## વિવેકપૂર્વક વર્ત્યે ટળે ડખો

**પ્રશ્નકર્તા** : બુદ્ધિશાળી જો વિવેક કરીને કામ કરે, એને બુદ્ધિશાળી કહેવાય ?

**દાદાશ્રી :** હં. વિવેકપૂર્વક બધાંને સુખ વધે એવું ખોળી કાઢે, સુખ ઘટે એવું ના ખોળી કાઢે. આ તો ઘેર આવીને ડખો કરે મૂઆ, આખું ઘર બગાડે. એવી લાઈફ કેમ હોવી જોઈએ ? આપણે આપણી લાઈફ ફેરવી શકીએ છીએ, આપણા વિચારો ફેરવી શકીએ છીએ.

આપણે નક્કી કરવું કે ઘરમાં મતભેદ નથી પાડવો. એવું નક્કી કરીને બીજા જોડે ભાંજગડ કરેને, તોય મતભેદ પડે નહીં. પણ આપણે એ ચાવી માર્યા વગર જ કરીએ છીએ ને, તેથી ભાંજગડ થઈ જાય છે. અમે પહેલેથી ચાવી મારીને પછી કરીએ.

## બુદ્ધિ ડખો કરાવી ગુલાંટ ખવડાવે

અહંકાર હોય ત્યાં સુધી બુદ્ધિ ઊભી રહે અને બુદ્ધિ હોય ત્યાં સુધી બધો ડખો. ત્યાં વીતરાગ ભાવ ના રહે. બુદ્ધિ હોય તો જોખમેય ખરું. ક્યારે બુદ્ધિ એને પછાડી મારે, એ કહેવાય નહીં.

બુદ્ધિ એમાં પ્રકાશ મારી દે કોઈક ફેરો. અમે સમજી જઈએ કે આની બુદ્ધિ ગુલાંટ મારે છે. તે ઘડીએ અમે ચૂપ રહીએ, નહીં તો પછી એ વધારે જક્કે ચઢે. વધારે જક્કે ચઢે તેમ વધારે અંધારામાં પેસે, તેમ વધારે અવિનય કરતો જાય. એના કરતાં થોડા વિનયમાં પતાવી દઈએ. અવિનય થાય તોય એને સમજીએ કે અત્યારે લપસ્યો છે. તે બિચારો હમણે પડી જશે. બુદ્ધિવાળાને છંછેડીએ તો શું થાય ? વધારે બુદ્ધિ ફેલાવે, અવળે રસ્તે ચઢે.

બુદ્ધિની ભૂખ એવી છે કે કોઈ દહાડો મટે નહીં. એ તો એન્ડવાળું (આત્મજ્ઞાન) જોઈએ. જગત આખું બુદ્ધિજન્ય જ્ઞાનમાં છે.

**પ્રશ્નકર્તા :** દાદાના ચરણમાં આવ્યા પછી તો મોક્ષ જ છે ને?

**દાદાશ્રી :** પણ એ ઘડીકમાં પાછું ત્યાં જાય ને, પાટિયાં બેસી જાય પાછળથી. બુદ્ધિ પાછી ભમાવ ભમાવ કર્યા કરે. બુદ્ધિ ભમે ત્યારે એનો કોઈ ઉપાય જ નહીં ને ! જ્યાં ઉપાય નહીં ત્યાં કશું કામ થાય નહીં. જ્યારે બુદ્ધિ ભમાવે ને, ત્યારે કશું કામ થાય નહીં. ના ઘરનું સારું થાય ને ના ભગવાનનું (ધર્મ સંબંધી) સવળું થાય.

## બુદ્ધિના ડખાથી પડે ગૂંચો

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ ગૂંચો પાડે, એ શું છે ?

**દાદાશ્રી :** ગૂંચો એ આ ઓવરવાઈઝનેસ (દોઢ ડહાપણ) છે. ઓવરવાઈઝનેસ એટલે શું કે પોતાના ડહાપણે બધું જ કામ કરવા જાય. દરેકમાં એ પોતાનું ડહાપણ વાપર્યા કરે. આમ જ્ઞાનીના કહ્યા પ્રમાણે ચાલે, પણ તોય પોતાનું ડહાપણ વાપરે કે દવા ત્રણ વાગે પીવાની કહી છે. હવે સવા ત્રણ વાગે પીશું તો શું વાંધો છે ? એટલે પોતાનું ડહાપણ મૂક્યા વગર રહે નહીં. એની બધી ગૂંચો ઊભી થઈ જાય.

હવે બુદ્ધિ ઉપર વેર બાંધજો આજથી. આમાં પછી બુદ્ધિ આડી આવશે. તે બુદ્ધિ કેવી રીતે આડી આવશે ? એક માણસને ત્યાં પંદર-વીસ માણસો ગેસ્ટ આવવાના હતા. તે શ્રીખંડ બનાવવા માટે દહીં બનાવવું'તું. હવે પોતાનો

ઓળખાણવાળો ભૈયો હતો, તેને કહે છે, 'તું મને મારે ઘેર દહીં બનાવી આપ.' એટલે ભૈયો આવ્યો અને અધ (અડધો) મણ દૂધ હતું, એને ગરમ કરાવડાવી પછી ઠંડું પડવા દઈને આટલું દહીં નાખી અને હલાવી આપ્યું. પછી કહે છે કે 'હવે તું આને મૂકી રાખ.' ત્યારે પેલાએ કહ્યું, 'મારે શું કરવાનું પણ હવે ?' ત્યારે કહે, 'તારે કંઈ નહીં કરવાનું. તું સૂઈ જજે.' ત્યારે કહે, 'એમ તે થાય કંઈ, સૂઈ જવાનું ?' ત્યારે એ કહે, 'તું સૂઈ જજે ને ! ઘસઘસાટ ઊંઘી જજે. તું સવારમાં ઊઠશે એટલે દહીં ત્યાં ચોસલાં થયેલાં હશે.' પણ પેલો અક્કલવાળો ખરો ને ? તે એના મનમાં એમ કે એમને એમ તો થાય શી રીતે ? જોવું તો પડે ને ? તપાસ તો કરવી પડે ને ? રાત્રે એક વાગે ઊઠ્યો, તે મૂઆએ આંગળી ઘાલી. તે પછી દહીંનો ડખો થઈ ગયો ! પેલાએ કહેલું કે 'સવારમાં ઊઠીને જોજે.' એટલે આ બુદ્ધિ છે તે ડખો કરે. તે આજની રાત એમ કહેજો કે 'હે બુદ્ધિ ! કાલે બાર વાગે જમવા આવજે. ત્યાં સુધી ના આવીશ.' તમે એને કહેશો કે તરત એ માની જશે. કારણ કે એ રોજની જોડે રહેનારી, તમારી જોડે ઝઘડો કરીને કેટલા દહાડા કાઢે ?

અહીં તો બધી વાત સાંભળવી. અહીં તો લાખો ચાવીઓ મળે એવી છે. આપણે અહીં સાંભળવું ને એડજસ્ટ કરવું. બુદ્ધિ પાછું મહીં આડુંઅવળું દેખાડે તો એ બુદ્ધિને કહીએ, 'બેસ બા, અમે સંસાર શીખવા નથી આવ્યા. અમે તો મોક્ષમાર્ગી છીએ. માટે તું અમને સલાહ આપીશ નહીં.' વચ્ચે પછી બુદ્ધિ આવે, ડખો કરવા આવે કે ના આવે ? આપણી બુદ્ધિ અવળું દેખાડે તો આપણી જ ભૂલ ને ?

## બુદ્ધિને લઈને થઈ જાય બુદ્ધુ

**પ્રશ્નકર્તા :** એક પ્રશ્ન એવો થાય છે કે બુદ્ધિનો જ્યારે વેપાર કરતા હતા, ત્યારે આપનો એક અક્ષરેય પરિણામ પામતો નહોતો અને બુદ્ધિ જ્યારે ચપ્પલની જોડે મૂકીને, ત્યારે આપ જે બોલો છો, એ સીધું મહીં ઊતરી જાય છે, એ શાથી ?

**દાદાશ્રી :** એ બુદ્ધિ જ વચ્ચે ડખો કરે છે ને ! બુદ્ધિને લઈને બુદ્ધુ થઈ જાય છે. બુદ્ધુ થઈને ફર્યા કરે છે પછી ! લોકોય કહે કે 'બુદ્ધુ છે આ તો !' બુદ્ધિ જ બધું હેરાન કરે છે ને ! તે મારામાં બુદ્ધિ નથી તેથી હું ફાવી ગયો ને ! તમારી બુદ્ધિ ધીમે ધીમે જતી રહેશે. મારી બુદ્ધિ ખલાસ થઈ ગઈ એટલે તો મારું કામ થઈ ગયું.

## પ્રશ્ન એ બુદ્ધિનો ડખો

**પ્રશ્નકર્તા :** પ્રશ્ન ન હોય તોય દાદા પાસે આવવાનું દિલ કેમ થાય છે ?

**દાદાશ્રી :** પ્રશ્ન એ તો બુદ્ધિનો ડખો છે ખાલી. જંપ ના વળે ને, એટલે બુદ્ધિના ડખા કર્યા કરે છે. બાકી, પ્રશ્ન ના હોય તો સારું. પ્રશ્ન ના હોય અને અહીં આવવાનું ગમે એનું શું કારણ ? દાદા એ તમારું સ્વરૂપ છે. એમની પાસે જ બેસી રહેવાનું ગમે. એટલે શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું કે 'જ્ઞાની પુરુષ એ જ દેહધારી પરમાત્મા છે.' અમે તો એમ જ કહીએ કે અમે નિમિત્ત છીએ. પણ તમારે આવું માનવું પડે. પ્રશ્ન બંધ થાય એટલે દેહ સહજ થાય.

દાદાને જોયા કરવા એ જ મોટામાં મોટો સત્સંગ. એવી જો મહીં કંઈ અડચણ પડી હોય, જરા સમજણ ના પડતી હોય, તો પૂછવા જેવું પૂછવું. નહીં તો એ બુદ્ધિનો વિલાસ ! બુદ્ધિ ફરવા નીકળે, રોફ મારવા નીકળે.

નાના છોકરાની બુદ્ધિ તો વળી જ જવાનીને. ને આ મોટી ઉંમરનાને બહુ આવરણોને ! છોકરાઓ બધા બહુ જલદી તૈયાર થઈ જવાના.

**પ્રશ્નકર્તા :** મોટી ઉંમરનાને આવરણ નીકળી જાય ?

**દાદાશ્રી :** નીકળી જવાના ને ! પણ તે આમના જેવો લાભ ના ઉઠાવે.

**પ્રશ્નકર્તા :** તો શું કરવું ?

**દાદાશ્રી :** શું કરવાનું ? આપણી બુદ્ધિ તો વળી જ જવાની. આ બુદ્ધિ તો જુદી પડી ગયેલી. બુદ્ધિની જરૂર જ નહીં આ માર્ગમાં. બુદ્ધિ તો આખો દહાડો ડખો કર્યા કરે. આપણા આ જ્ઞાને જ્ઞાન પ્રકાશ કર્યો છે. એ પ્રકાશ કર્યા પછી બુદ્ધિની જરૂર નથી.

## બુદ્ધિની ડખલ અટકાવે નિદિધ્યાસન

**પ્રશ્નકર્તા :** દાદાનું કે કોઈનું પણ નિદિધ્યાસન થાય નહીં, ફોટો પડે જ નહીં, એનું શું કારણ ?

**દાદાશ્રી :** એ તો બુદ્ધિ છે, એ ડખલ કરનારી બુદ્ધિ છે.

**પ્રશ્નકર્તા :** તો શું કરવું ?

**દાદાશ્રી :** કશુંય નહીં. બુદ્ધિ ડખલ કરે છે, એવું આપણે જાણીએ છીએ કે આ ડખલ કરનારી છે. એ ડખલ કરનારને લીધે આવું દેખાય છે. કેટલાક માણસ કહે છે કે 'દાદા, નિદિધ્યાસનમાં એક્ઝેક્ટ મોઢું નથી દેખાતું.' મેં કહ્યું, 'એ બુદ્ધિ ડખલ કરે છે' પણ આપણે એક્ઝેક્ટ છે એવું જ જોઈ લઈએ.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ કઈ રીતે ડખલ કરે છે ?

**દાદાશ્રી :** એ તો આપણને હમણે નિદિધ્યાસન કરતા હોય ને, તો બીજામાં ઢસેડ ઢસેડ કરે.

**પ્રશ્નકર્તા :** અથવા તો બુદ્ધિ એમ કહ્યા કરે કે નિદિધ્યાસન નથી આવતું ?

**દાદાશ્રી :** હા, 'નથી આવતું' એવું હઉ કહેવા લાગે. સંસારમાંથી મોક્ષ તરફ ખસવા નહીં દેવાની એની દલીલો હોય બધી. બંધનમાં જ રાખવાની દલીલો હોય એટલે ડખલેય એવી કરે.

**પ્રશ્નકર્તા :** આપણે ના કરવું હોય એવું કરાવડાવે.

**દાદાશ્રી :** હા, એવું કરાવડાવે. એટલે નિદિધ્યાસન બેસે નહીં, એ બુદ્ધિની ડખલો હોય. અને નિદિધ્યાસન બેઠા પછી ખસતુંય નથી લોકોને, એક સેકંડેય ખસતું નથી પછી !

## સંસાર બુદ્ધિના ડખાના પરિણામે

આ મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર એ ચાર જે અંતઃકરણ રૂપે છે એનો વાંધો નહીં, પણ આ તો વધારાની, એક્સ્ટ્રા બુદ્ધિ છે તે કામની જ નથી.

આ સંસાર જ બુદ્ધિનો ડખો છે. બુદ્ધિ ના ઊભી હોત તો સંસાર રહેત જ નહીં. અમારી બુદ્ધિ ખલાસ થયેલી. એટલે અમને બુદ્ધિ ઉપરનું જ્ઞાન હોય. બુદ્ધિ અમારી ખલાસ થઈ ગયેલી હોય. અમને બુદ્ધિ ના હોય, અમે અબુધ હોઈએ. આ અમારી સહજતા જ્ઞાનપૂર્વકની હોય.

## હૃદયપૂર્વક ત્યાં એકતા, બુદ્ધિપૂર્વક ત્યાં ડખો

**પ્રશ્નકર્તા :** આપની અબુધતાનું અનુકરણ અમે નથી કરી શકતા.

**દાદાશ્રી :** કરી શકતા નથી એ તમારા મનમાં સમજો છો. હું જાણું છું કે તમે અનુકરણ કરી રહ્યા છો. એટલે તમને પોતાને ખબર નહીં પડે કે મહીં શું પરિવર્તન થઈ રહ્યું છે તે ! મન-વચન-કાયાથી જ્ઞાની પુરુષનું અવલોકન કરવું, એનું નામ જ હૃદયપૂર્વક !

**પ્રશ્નકર્તા :** એનો અર્થ એવો થયો કે આપણે હૃદયપૂર્વકની વાત કરીએ, તે વખતે મન-વચન-કાયાની એકતાપૂર્વકની વાત થાય ?

**દાદાશ્રી :** હોય જ, હૃદયપૂર્વકની વાત બધી. મન-વચન-કાયાની એકતા જ હોય. બુદ્ધિપૂર્વકની વાતમાં બધું જુદું જુદું હોય. બુદ્ધિમાં બધું જુદું જુદું, હૃદયમાં એકતા હોય.

**પ્રશ્નકર્તા :** પણ અત્યારે તો લોકો જુદી રીતે સમજે છે ?

**દાદાશ્રી :** જેવું સમજે એવો માર ખાય ને ! હૃદયપૂર્વકનું ત્યાં એકતા ને બુદ્ધિપૂર્વકનું આવ્યું કે ત્યાં આગળ ડખો. બુદ્ધિનો ડખો વધી જાય ત્યારે હાર્ટ બળી જાય છે અને હાર્ટ બળી જાય એટલે કશું ભલીવાર આવે નહીં પછી.

## પ્રજ્ઞા ચેતવે, બુદ્ધિ કરે ડખોડખલ

બુદ્ધિ હશે ત્યાં સુધી સોલ્યુશન પૂરું નહીં થાય. એટલે જ્યાં બુદ્ધિ ના હોય ત્યાં જ્ઞાન હશે અને બુદ્ધિ હશે ત્યાં જ્ઞાન નહીં હોય, બેમાંથી એક જ હોય.

આપણા લોકો બુદ્ધિને 'જ્ઞાન' કહે છે, પણ બુદ્ધિ એ 'ઈનડાયરેક્ટ' પ્રકાશ છે, જ્યારે 'જ્ઞાન' એ આત્માનો 'ડાયરેક્ટ' પ્રકાશ છે.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ ક્યાં પૂરી થાય અને પ્રજ્ઞા ક્યાં શરૂ થાય છે?

**દાદાશ્રી :** બુદ્ધિ પૂરી થતાં પહેલાં પ્રજ્ઞાની શરૂઆત થઈ જાય છે. 'જ્ઞાની પુરુષ' મળે ને એ આત્મા પ્રાપ્ત કરાવડાવે એટલે પ્રજ્ઞાની શરૂઆત થઈ જાય. એ પ્રજ્ઞા જ મોક્ષે લઈ જાય. પ્રજ્ઞા મહીં નિરંતર ચેતવ ચેતવ કર્યા કરે અને બુદ્ધિ મહીં ડખોડખલ કર્યા કરે.

## ડખાનો મૂળ ગૂનેગાર અહંકાર

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ જ ડખો કરે ?

**દાદાશ્રી :** બુદ્ધિય ડખો કરે, બધાય ડખો કરે. અહંકાર, બુદ્ધિ, ચિત્ત ને મન બધાય એ ડખાવાળા જ છે ને ! પણ મૂળ ગુનેગાર અહંકાર ગણાય. કારણ કે પોતાની સહી છે.

**પ્રશ્નકર્તા :** આ બધામાં જે ડખો કરતો હોય, તો મોટામાં મોટો ભાગ અહંકાર જ કરે છે ?

**દાદાશ્રી :** તો બીજું કોણ ? આ બધું અહંકારે જ ઊભું કર્યું છે ને!

**પ્રશ્નકર્તા :** એ જરા દાખલો આપીને સમજાવો.

**દાદાશ્રી :** એવું છે ને, આ ભાઈએ કહ્યું કે હેંડો, ટાઈમ થઈ ગયો છે. ચાલો, થોડું ખાવા માટે. ત્યારે આપણે શું કહ્યું ? અત્યારે નહીં. 'હું તો તમારે ગામ પોંક ખાવા આવવાનો છું.' એ ડખલ કરી. તે થોડા વખત પછી કો'કને કહે કે હવે પોંક ખાવા ત્યાં જઈએ. ત્યારે પેલાએ કહ્યું, 'જાર ખલાસ થઈ ગઈ છે.' એટલે અહંકારનો ડખો ના હોય અને જેમ લોકો કહે, એમ સરળતા હોય, તો વાંધો નથી. લોક કહે છે એમ નહીં, સંજોગો કહે એમ ચાલે. પછી વાંધો નથી આવતો. જો એમાં ડખલ કરે કે મારાથી નહીં થાય આ બધું. તે ડખલ પડી.

## ડખા જાણપણાના અહંકારથી

**પ્રશ્નકર્તા :** પણ જગતના બધા લોકો અહંકારના જાળામાં ભટકાય છે.

**દાદાશ્રી :** હા, ભટકાય છે, બસ ! અહંકાર એટલે શું ? નિર્બળતા. એ નાનો હતો ત્યારે પગે લાગતો હતો, અંગૂઠા પકડતો હતો. અત્યારે મોટો થયો ત્યારે નથી પકડતો, એ અહંકાર દોઢ શેર થઈ ગયો. પછી કહેશે, 'હું જાણું છું.' અલ્યા, શું જાણ્યું ? જેમ છે તેમ જાણી જાય તો ટેન્શન રહે નહીં ને ! પછી ટેન્શન શાના રહે ? ટેન્શન બધાં

આના જ છે, આ ડખાના જ. 'એ ભઈ જાણતો નથી ને હું કંઈ જાણું છું' એ પંચાત કરવાની જરૂર જ ક્યાં રહી ? બસ આ જ ડખો. આ તો ધર્મને જાણતો નથી અને અધર્મનેય જાણતો નથી. જાણ્યું તો કોનું નામ કહેવાય કે આ ઝેરની શીશી છે, એને ઝેર જાણ્યા પછી અડે ખરો ?

**પ્રશ્નકર્તા :** ના અડે.

**દાદાશ્રી :** અને અડે તો આપણે જાણીએ કે આ ખાલી જાણ્યાની વાતો કરે છે, અહંકાર કરે છે કે 'હું જાણું છું, હું જાણું છું' પણ કશું જ જાણતો નથી. જો જાણતો હોય તો ફરી ઝેરને અડે નહીં. આ તો જાણવાનો લોકોને અહંકાર છે ખાલી ! અને એ બધું શુષ્કજ્ઞાન છે. જ્ઞાન ચોખ્ખું હોવું જોઈએ કે જે જ્ઞાન આપણને તે રૂપે વર્તાવે. પોઈઝનની શીશી જાણી, ત્યારથી તો આપણે એને અડીએ જ નહીં પછી ! એવું જ્ઞાન હોવું જોઈએ.

એટલે 'હું સમજું છું ને હું જાણું છું' એ જે બોલે છે, તે ખાલી ઈગોઈઝમ છે. સમજ્યા પછી ઊંધું કરે નહીં. આ તો સમજ્યો જ નથી હજુ.

### લક્ષમાં રહેવો જોઈએ અહંકારનો ડખો

**પ્રશ્નકર્તા :** એ અહંકારનો નશો તો દારૂ કરતાં વધારે હોય છે, તે તો ઊતરે જ નહીં.

**દાદાશ્રી :** આ સાધુ એમ નક્કી કરે કે મારામાં 'વંક જડાય પછીમા' એ હોવું ના જોઈએ, આ મહાવીર ભગવાને કહ્યું હતું એવું. તો પછી 'વંક જડાય પછીમા' ઉપર લક્ષ રાખ્યા કરવાનું, તો એનો ઉકેલ આવે એવો છે. એવી રીતે આપણામાં 'વંક જડાય પછીમા'ની ભાંજગડ નથી પણ અહંકારનો ડખો લક્ષમાં રહેવો જોઈએ. આપણામાં ગાંડો અહંકાર હોય જ. એના ઉપર લક્ષ રાખ્યા જ કરવું પડે. હજુ નીકળે છે કે નથી નીકળતો એ ગાંડો અહંકાર ? હજુ છે ?

**પ્રશ્નકર્તા :** હવે બહુ નથી. થોડો-થોડો પડ્યો છે, બહુ નથી.

**દાદાશ્રી :** ના, પણ એ બેસી રહેલો હોય, આટલો નાનો થઈને બેસી રહ્યો હોય, તો કાલે વધતાંય એને વાર ના લાગે. જડમૂળથી ઉખાડી નાખવો જોઈએ તો કામ નીકળી ગયું.

### અહંકારના ડખાથી ઊભા કષાયો

અહંકારનો જ ડખો છે. અહંકારને લીધે જ આ જગત ઊભું રહ્યું છે. ક્રોધ-માન-માયા-લોભ અહંકારના આધીન છે. અહંકાર ના હોય તો એ ક્રોધ-માન-માયા-લોભ છે, તોય નથી. કારણ કે એનો આધાર અહંકાર છે અને અહંકારેય છે તે આધારી વસ્તુ છે. એનું રૂટ કૉઝ અજ્ઞાનતા છે. પણ અજ્ઞાનતા તો જાણે છે જ, આખી દુનિયામાં પ્રસરેલી. માટે ક્રોધ-માન-માયા-લોભનો આધાર શું ? અહંકાર. જગતનો આધાર કોણ ? અહંકાર ! અહંકાર કાઢી લે તો ક્રોધ-માન-માયા-લોભ કશું કરનાર નથી. બધાં મડદાલ થઈ ગયા.

એટલે આ જ્ઞાન મળ્યા પછી અજ્ઞાન ગયું, એટલે અહંકાર ગયો. તેથી ક્રોધ-માન-માયા-લોભ ના થાય, અગર થતાં હોય તેને 'આપણે' દેખીએ. આપણે દેખ્યા એટલે આપણને થતા નથી. કારણ કે જોનારને થાય નહીં. આ બહાર હોળી સળગતી હોય તો આંખો દાઝે ખરી ? એટલે જોનાર દાઝે નહીં. અને આ અહંકાર જેને થાય છે ને, તે તો ક્રોધ-માન-માયા-લોભ જોડે હોય, એ તો આંખો હઉ દાઝે. કારણ કે ત્યાં પોતે જોનાર નથી, પોતે અહંકારનો કર્તા છે.

**પ્રશ્નકર્તા :** જોનાર થાય તો જુદો પડી જાય ?

**દાદાશ્રી :** હા, જુદો પડી જાય. મન ક્રોધે ભરાયું હોય તેની મહીં અહંકાર ભળે ત્યારે એ ક્રોધ કહેવાય, નહીં તો ગુસ્સો જ કહેવાય. આપણે

'બધા'નો અહંકાર કાઢી લીધો. 'આ' લોકોને ક્રોધ-માન-માયા-લોભ કશું કરે નહીં. નોંધારા થઈ ગયા ને, ને આધાર વગરનું થાય પછી પડી જાય. જ્યાં સુધી અહંકાર છે, 'હું જ છું, હું જ છું', ત્યાં સુધી ક્રોધ-માન-માયા-લોભ એકુંય પડે નહીં.

## 'હું' સેન્સિટિવ થવાથી ડખો

આ તો જરાક ડખો કરે છે કે 'હું કંઈક છું', 'હું કંઈક છું', તે 'હું'નું રહી ગયું છે. તે 'હું' કાઢવા ફરે છે પણ નીકળતો નથી.

અહંકાર 'હું કંઈક છું' માની બેઠેલો ને ! આટલા શબ્દ બોલીએ ને, તે બધાય શબ્દો પાછા પડે. કહે, 'તમારે શું ?' એટલે આપણે ના જાણીએ કે આપણા શબ્દો મોઢામાં ઘાલી દીધા આ માણસે ? એટલે ફરી બોલાય જ કેમ કરીને ? આ જેટલો સામાન છે ને, બધો અહંકારનો. એ સંપૂર્ણ મૂળ સાથે કાઢી નાખવામાં ના આવે, ત્યાં સુધી ફરી બધું ઊભું થઈ જતાં વાર નહીં લાગે. કેવા સંયોગોમાં ક્યારે ઊભું થઈ જાય એ કહેવાય નહીં. માટે આનું શું કરવાનું ? અજ્ઞાનતા તો ગઈ હવે. હવે અહંકારને ખોદવાનો પ્રયત્ન રાખવો પડે. આ જરૂરિયાત પૂરતો અહંકાર એ તો ડ્રામેટિક છે જ. પણ મહીં બીજો ગૂંચાયા કરે છાનોમાનો, એ ખબર પડે નહીં.

એ 'હું' સેન્સિટિવ થયો એટલે આ બધો ડખો થાય. મેં કહ્યું, 'અરે, નથી કશામાં ! હું જ નથી ને કશામાં, તો તમે ક્યાંથી આવી ગયા ?' તો પણ એમને 'હું' જતો નથી. નહીં તો આ જ્ઞાન પ્રગટ થાય ને દીપી નીકળે એવું છે. 'હું'ને વળી શું કરવો છે ? 'હું'ને તો કાઢવાનો છે. એટલે અમારી રીત તમને સમજાવી દઉં. કશામાં ડખો જ કરવા જેવો નથી.

આ તો દરેક વાતમાં બોલે. ઘડિયાળની વાત કાઢીને 'ફલાણું થાય, ફલાણું...' અલ્યા, તું શેની બાબતમાં સમજે છે તે ? સંડાસ જતાં આવડતું નથી ને વગર કામના લોકો ડખો કર્યા કરે છે અને મહીં 'હું' 'હું' કર્યા કરે છે. કર્મના આધીન છે બિચારાં !

## અહંકાર ડખો કર્યા વગર રહે નહીં

**પ્રશ્નકર્તા :** જે કંઈ જીવનમાં થઈ રહ્યું છે, તે પાછલા કર્મના હિસાબે થઈ રહ્યું છે ?

**દાદાશ્રી :** હા, બીજું શું તે ? અને નવો હિસાબ ના બાંધીએ એટલે કશો વાંધો જ નથી.

**પ્રશ્નકર્તા :** પાછલા કર્માનુસાર એ ખરાબ કામ કરતો આવ્યો હોય ને અત્યારે સારા કર્મો એને કરવા હોય તો એ થઈ શકે ? અત્યારે જે પાછલા કર્મોના હિસાબે ચાલે છે, એમાં કંઈ ફેરફાર કરી શકીએ ?

**દાદાશ્રી :** અહંકાર છે ને, થોડોઘણો ફેરફાર થાય. જે ડિઝાઈન થઈ ગઈ હોય, તેને ફેરફાર ના થાય. અને અહંકાર ના હોય, તેને કશોય ફેરફાર ના થાય.

અહંકાર હોય ત્યાં સુધી બધા ફેરફારો કરી નાખે. ડખો કર્યા વગર રહે જ નહીં. અને જ્ઞાન મળ્યું એટલે અહંકાર ખલાસ થયો. એટલે તમે કહેતા'તા ને, પેલું શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** ક્રમબદ્ધ પર્યાય.

**દાદાશ્રી :** આપણે 'વ્યવસ્થિત' કહીએ છીએ અને એ 'ક્રમબદ્ધ પર્યાય' કહે છે, એ અહંકાર ખલાસ થાય ત્યાર પછીનું બધું. જ્ઞાન ના હોય ત્યારે કશુંય કહેવાય નહીં. કારણ કે અહંકાર ગમે તે ટાઈમે બોમ્બ ફોડીને ઊભો રહે.

## અહંકારની ડખલ ત્યાં સુધી અવ્યવસ્થિત

**પ્રશ્નકર્તા :** બધું વ્યવસ્થિત છે, કર્મનું પરિણામ છે, તો આપણે જે ભાવથી કરીએ છીએ તે પ્રમાણે આવે, પણ ભાવના કરીએ તેમાં પુરુષાર્થ ખરો ?

પુરુષાર્થથી ભાવના બદલાય, કે એય વ્યવસ્થિત ?

**દાદાશ્રી :** ના, એ વ્યવસ્થિત નહીં. ભાવનાથી તું પુરુષાર્થ કર. વ્યવસ્થિત ક્યાં સુધી હેલ્પ કરે કે અહંકાર ના હોય ત્યાં સુધી. અહંકાર હોય ત્યાં સુધી વ્યવસ્થિત કહેવાય નહીં. એટલે અહંકારથી અવ્યવસ્થિત કરે. માટે ભાવનાથી એ બદલાવી શકાય. જગત છે વ્યવસ્થિત, પણ અહંકાર છે તે ગોદો માર્યા વગર રહે નહીં. ગોદો ના મારે તો બિલકુલ વ્યવસ્થિત છે, એક્ઝેક્ટ છે ! અહંકાર કંઈની કંઈ ડખોડખલ કર્યા કરે છે. ના હોય દુઃખ ત્યાંથી લઈ આવે.

**પ્રશ્નકર્તા :** અહંકાર હોય ત્યાં સુધી તો જગત અવ્યવસ્થિત જ છે ?

**દાદાશ્રી :** જગત છે વ્યવસ્થિત, પણ અહંકાર એટલે ઊંધું કર્યા વગર રહે નહીં. વ્યવસ્થિતને અવ્યવસ્થિત કરે !

**પ્રશ્નકર્તા :** આ કોઈ પણ કાર્ય થયું એ વ્યવસ્થિત ના કહેવાય ?

**દાદાશ્રી :** પણ વ્યવસ્થિત હોતું હશે આવું ? અહંકારીને અને વ્યવસ્થિતને વેર છે. એ બે ભેગાં ના થાય. નિર્અહંકારીને માટે વ્યવસ્થિત છે. વ્યવસ્થિતના બાપનેય તોડી નાખે અહંકાર તો ! એટલે જ્યાં સુધી અહંકાર છે ત્યાં સુધી વ્યવસ્થિત કહેવાય નહીં એ. વ્યવસ્થિત એ ડિસ્ચાર્જ કર્મને માટે જ છે, ચાર્જ કર્મમાં વ્યવસ્થિત નથી. ક્યારે મૂઓ શું કરે એ કહેવાય નહીં. એટલે એમાં વ્યવસ્થિત હોતું જ નથી, ડખલ હોય છે આખી અહંકારની સહેજેય !

## પ્રારબ્ધ હોય ડખાવાળું

**પ્રશ્નકર્તા :** વ્યવસ્થિત અને પ્રારબ્ધ બન્ને નજીક નજીકનાં શબ્દ છે કે બેઉનો ભેદ છે ?

**દાદાશ્રી :** ના, બહુ ભેદ છે.

**પ્રશ્નકર્તા :** શું ભેદ છે ?

**દાદાશ્રી :** વ્યવસ્થિતમાં ફેરફાર થવાનો નથી. અને પ્રારબ્ધવાદી તો કેવો હોય ? એનામાં જીવતો અહંકાર હોય, તે ડખો કર્યા વગર રહે નહીં અને આ જીવતો અહંકાર ના હોય. એટલે એને એક્ઝેક્ટ વ્યવસ્થિત કહ્યું અને પ્રારબ્ધ વ્યવસ્થિતના આધારે જ હોય છે. પણ પ્રારબ્ધ એટલે ડખાવાળું હોય, એને વ્યવસ્થિત ના કહેવાય. આ જ્ઞાન મળ્યા પછી આપણું આ વ્યવસ્થિત ! આ બહારના લોકો પકડે તો મૂર્ખ બની જાય એમાં, કારણ કે ડખો છે એમાં અને આ તો બધા ચોગરદમના સંજોગો જોઈ લ્યો. જવાય એવું લાગતું નથી, માંડવાળ કરો (એવું કહે). પેલા ડખો કરીને ઊભા છે ને? એ ડખો કર્યા વગર રહે નહીં.

અહંકાર હોય ત્યાં પ્રારબ્ધ હોય અને અહંકાર વગર વ્યવસ્થિત હોય. વ્યવસ્થિત એટલે એક્ઝેક્ટ ! અહંકારની ડખલથી પ્રારબ્ધ ફર્યા કરે. અહંકાર જીવતો છે ને ! અહીં અહંકાર નથી તો વ્યવસ્થિત, એક્ઝેક્ટ ટુ એક્ઝેક્ટ.

**પ્રશ્નકર્તા :** પ્રારબ્ધવાળો જીવતો છે અને વ્યવસ્થિત એ મરેલો છે.


**દાદાશ્રી :** પ્રારબ્ધમાં અહંકાર જીવતો છે. અહંકાર મરેલાનો તો મોક્ષ થાય. પ્રારબ્ધમાં તો અહંકાર ડખો કરનારો ઊભો હોય, ત્યાં જાતજાતની ભાંજગડ ઊભી થાય અને વ્યવસ્થિત 'એક્ઝેક્ટનેસ' છે, તેને કોઈ ચેન્જ કરી શકે નહીં.


બહાર પ્રારબ્ધ જ કહેવાય, બહાર વ્યવસ્થિત ના કહેવાય. આપણું અહીંનું પ્રારબ્ધ છે ને, તે નવી ડખોડખલ બંધ થઈ ગઈ છે, માટે હવે વ્યવસ્થિત એકલું જ રહે છે અને પ્રારબ્ધ ડખોડખલવાળું હોય.

પ્રારબ્ધ એટલે શું ? કે કર્મ ભોગવવાના

# વડોદરા ત્રિમંદિરનો ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ : ૨૨ થી ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૭


આગમન - સ્વાગત



દિપ પ્રાગટ્ય





સાંસ્કૃતિક કાર્યક્રમ



સત્સંગ-જ્ઞાનવિધિ



પ્રતિષ્ઠાવિધિ માણતા મહાત્માઓ



ચાંદ્રાયણ યક્ષદેવ



પાંચાંગુલી યક્ષિણીદેવી



ગણપતિજી



હનુમાનજી



ઋષભદેવ ભગવાન


અજિતનાથ ભગવાન



પાર્શ્વનાથ ભગવાન


મહાવીર ભગવાન


ભદ્રકાળી માતાજી




અંબા માતાજી



પદ્માવતી માતાજી


ચક્રેશ્વરી દેવી


મહાકાળી માં


પદ્મનાભ પ્રભુ


સાંઈબાબા


ધજા આરોહણ


વડોદરા ત્રિમંદિરનો ભવ્ય એરિયલ વ્યુ


શ્રી સીમંધર સ્વામી



શ્રી કૃષ્ણ ભગવાન


શ્રી શિવ ભગવાન



દર્શનાર્થીઓની ભીડ


વડોદરા ત્રિમંદિર


વિશેષ ભક્તિ


ત્રિમંદિર મંગલ દ્વાર ખુલ્યા




સેવાર્થી સત્સંગ

ભોક્તાભાવે અને કર્તાભાવે નવા કરવાના. કર્તાભાવ અને ભોક્તાભાવ, બન્ને પ્રારબ્ધમાં ઉત્પન્ન થાય. હવે એમાં કર્તાભાવથી ડખલ ઊભી થાય અને ભોક્તાભાવ ડખલ વગરનો હોય. હવે અહીં આપણા જ્ઞાન લીધા પછી કર્તાભાવ ઊડી ગયો એટલે ભોક્તાભાવ એકલો રહ્યો. એને 'વ્યવસ્થિત' કહ્યું આપણે.

## અહંકારની ડખલથી આવતા ભવની પ્રતિષ્ઠા

**પ્રશ્નકર્તા :** અહંકારથી ફાયદો શું થતો હશે ?

**દાદાશ્રી :** અહંકાર કશું જ કરતો નથી, તો અહંકારથી ફાયદો શું થતો હશે ? અહંકાર કાયમ નુકસાન જ કરે, ડખો કરે. તો અહંકાર શું નુકસાન કરે છે, એ કંઈ કહેશો ? આ લોક અહંકાર કરે છે ને એનો ફાયદો શું મળે છે ? જેટલો અહંકાર કરે છે ને, એ પોતે નથી કરતો. એટલે એ આરોપ કરે છે, તેથી તેનું ફળ આવતો ભવ મળે છે. પોતે પોતાની પ્રતિષ્ઠા કરી રહ્યો છે, આવતા ભવની !

**પ્રશ્નકર્તા :** આ જૂનું ભોગવી રહ્યો છે, એને એ તો એવું માને છે કે 'આ મેં કર્યું.'

**દાદાશ્રી :** હા, ભોગવી રહ્યો છે, તેમાં અહંકાર કરવાનો હોય નહીં ને!

આ અહંકાર ડખલ કરે છે બધી. આ અહંકાર બીજું કશું કામ કરતો નથી. એ બે કામ કરે છે. આવતો ભવ ચીતરી આપે છે તે અને બીજું, ડખલ કરી આપે છે. જોઈએ ને, આવતે ભવ ? સ્ટેશને બીજી ગાડી તો મળવી જોઈએ ને ? જંક્શન આવ્યું એટલે આ અહીંથી ઊતર્યા પણ બીજી ગાડી મળવી જોઈએ.

## ડખો પ્રતિષ્ઠિત આત્માનો, શુદ્ધાત્મા જ્ઞાતાદ્રષ્ટા

'હું ચંદુલાલ છું', 'આ મેં કર્યું', 'પેલું મેં કર્યું' એવી પ્રતિષ્ઠા કરી કે તરત પાછી નવી મૂર્તિ ઊભી થઈ જાય અને એ મૂર્તિ પાછી ફળ આપે. જેમ આપણે પથ્થરની મૂર્તિની પ્રતિષ્ઠા કરીએ અને એ ફળ આપતી થાય, એવી રીતે આપણે આ પ્રતિષ્ઠા ઊભી કરીએ છીએ. જે રૂપે પ્રતિષ્ઠા કરે છે, તે જ રૂપે 'પ્રતિષ્ઠિત આત્મા' થાય છે. આ જૂનો 'પ્રતિષ્ઠિત આત્મા' નવી પ્રતિષ્ઠા ઊભી કરે છે. આજે જે 'ચંદુલાલ' છે એ બધો જૂનો 'પ્રતિષ્ઠિત આત્મા' છે, તે ફરી પાછી પ્રતિષ્ઠા કર કર કરે છે કે 'હું ચંદુલાલ છું, હું આનો મામો થાઉં, હું આનો કાકો થાઉં' એવી બધી પ્રતિષ્ઠા કરે છે.

પ્રતિષ્ઠિત આત્મા જ આ બધું કાર્ય કરી રહ્યો છે. 'શુદ્ધાત્મા' કંઈ જ કરતો નથી. હાલવું-ચાલવું એ બધા અનાત્માના ગુણધર્મ છે, આત્માના નથી. આત્મા રાતેય ઊંઘતો નથી ને દહાડેય ઊંઘતો નથી. અનાત્મા ભાગ ઊંઘે છે. જે ક્રિયા કરે છે તે જ ઊંઘે છે. જે ક્રિયા કરે છે, તેને રેસ્ટ (આરામ) ની જરૂર છે. શુદ્ધાત્મા તો ક્રિયા કરતો જ નથી તો તેને રેસ્ટની શી જરૂર ? રેસ્ટ કોણ ખોળે ? જે રેસ્ટમાં ઈન્ટરેસ્ટેડ (રસ ધરાવતો) હોય તે. તે કોણ ? પ્રતિષ્ઠિત આત્મા. આ બધી ક્રિયાઓ પ્રતિષ્ઠિત આત્માની છે. પ્રતિષ્ઠિત આત્માને ઊંઘ સારી આવી કે ખોટી આવી તે જાણ્યું કોણે ? એની ક્રિયાને જાણી કોણે ? શુદ્ધાત્માએ. શુદ્ધાત્મા પ્રતિષ્ઠિત આત્માની કોઈ પણ ક્રિયામાં ડખો કરતો જ નથી, કેવળ જુએ છે અને જાણે છે. ડખો તો પ્રતિષ્ઠિત આત્માનો છે. પ્રતિષ્ઠિત આત્મા જે જાણે છે તે જ્ઞેય છે અને પ્રતિષ્ઠિત આત્માને જ્ઞેય સ્વરૂપે જે જાણે છે તે 'શુદ્ધાત્મા' છે. પ્રતિષ્ઠિત આત્માને ડખો શાથી છે? કારણ કે તે ઈન્ટરેસ્ટેડ છે. શુદ્ધાત્માને ઈન્ટરેસ્ટ નથી. એ તો જ્ઞાતા-દ્રષ્ટા ને પરમાનંદી છે. 'શુદ્ધાત્મા' એ સ્વ-પર પ્રકાશક છે, જ્યારે પ્રતિષ્ઠિત આત્મા પરપ્રકાશક છે. 'શુદ્ધાત્મા' પ્રતિષ્ઠિત આત્માને પણ

જુએ છે ને જાણે છે. માટે પ્રતિષ્ઠિત આત્મા જ્ઞેય છે. શુદ્ધાત્મા અને પ્રતિષ્ઠિત આત્માને જ્ઞાતા અને જ્ઞેયનો સંબંધ માત્ર છે.

### મૃત અહંકાર ના કરે નવો ડખો

મેં આ જ્ઞાન આપ્યું તેની સાથે અહંકાર તો જતો જ રહે. હવે કયો અહંકાર રહે ? અહંકાર બે પ્રકારના; એક અહંકાર ડિસ્ચાર્જ થયા કરે અને એક ચાર્જ કરે. હવે ડિસ્ચાર્જ તો આપણી પાસે હજુ રહ્યું છે આ, એટલે ડિસ્ચાર્જ અહંકાર રહેશે. અને ચાર્જ અહંકાર એટલે નવું ઊભું કરનારો, તે બધો ખલાસ થઈ ગયો. ડિસ્ચાર્જ અહંકાર એટલે નવા ઊભા કરી શકે નહીં અને જૂના છે તે નિવેડો લઈ આપે, એટલે મુક્ત થઈ જાય. પેલો જીવતો કહેવાય, જ્યારે જ્ઞાન લીધા પછી આ મૃત (ભોક્તાપદનો) અહંકાર કહેવાય.

**પ્રશ્નકર્તા :** પણ એમાંથી પાછા પર્યાય ના પડે ?

**દાદાશ્રી :** ના, એમાંથી કશું થાય નહીં.

**પ્રશ્નકર્તા :** તો એની મેળે જ આ દોરી વીંટળાયેલી છે તે નીકળ્યા કરે ?

**દાદાશ્રી :** હા, બસ, એની મેળે જ. એ પરિણામ કહેવાય. વ્યવસ્થિત એટલે શું ? પરિણામ. પરિણામમાં કશું કરવું ના પડે, એની મેળે થયા જ કરે. 'તમારે' જ્ઞાતા-દ્રષ્ટા રહેવાનું.

### સોળાં રહી જાય તેથી રહે ડખો

આ જ્ઞાન આપ્યા પછી શાનો ડખો રહે છે ? તે સોળાં રહી જાય છે. તે આ ચોપડે, તે ચોપડે, આમ ચડે, તેમ સૂઈ જાય પાછો. તેથી તો અમે કહીએ છીએ કે આ મન-વચન-કાયાનાં ત્રણ ભૂતાં વળગ્યાં છે, તેના ઉપરથી આ કાશીનું દૃષ્ટાંત નીકળેલું. આ બધો સાંધો જડે તો તો કામ નીકળી જાય ને !

એ પેલો ભૂવો મારે ને, તે મારે કાશીને ને વાગે ચંચળને ! શાથી એમ હશે ? એ કાશી ખાય ને તોય એ ચંચળ ખાઈ જાય ! કાશી પીવે તો એ ચંચળ પી જાય ! બધો અમલ જ એનો ! કાશીને ભૂત વળગે તો અમલ બધોય ભૂતનો જ. ઊંઘે તેય ભૂત. એટલે પછી મારે ત્યારે વાગેય એને. ભૂવો મારે એટલે કહે, 'હું નીકળું છું.' ત્યારે કહે, 'કોણ છે તું ?' ત્યારે એ કહે, 'આઈ એમ ચંચલ. (હું ચંચળ છું)' તે કાશી અંગ્રેજી ભણેલી ન હતી તોય અંગ્રેજી બોલતી હતી. એનું શું કારણ ? કારણ કે ચંચળનો અમલ છે. એટલે આ બધું થયું એમાં વાગ્યું કોને ? ચંચળને બધુંય થયું. વાગ્યું ચંચળને, પણ સોળાં એકલાં રહ્યાં કાશીને ! એવું આપણે આ બધુંય થાય છે, આખો સંસાર થાય છે પણ વાગે છે તે અહંકારને જ વાગ વાગ થાય છે. અહંકારને તોડીએ છીએ ત્યારે સોળાં રહી જાય છે. તે પછી એના દવાદારૂ, પાટાપીંડી કરવા પડે.

આ દારૂડિયા માણસને આપણે મારીએ તો વાગે કોને ? અમલ હોય તેને. પેલાને કશું વાગે નહિ. દારૂ ઊતરી ગયો પછી સોળાં એને રહી જાય છે. એટલે પેલાને પછી લહાય બળ્યા કરે. દારૂનો અમલ એના જેવો આ ભૂતનો અમલ. ભોગવે જ એ બધું, અમલ જેનો હોય તે.

આ અહંકાર ભોગવી લે છે બધુંય. દુઃખેય અહંકારને પડે છે ને સુખેય અહંકારને પડે છે. જેનો અમલ હોય તેને જ લાગુ થાય. અહંકારનો અમલ હોય, ભૂતનો અમલ હોય, દારૂનો અમલ હોય. દારૂનો અમલ હોય ત્યારે કહેશે કે 'હું સયાજીરાવ મહારાજ છું'. એટલે આપણે ના સમજીએ કે એને પોતાનો અમલ નથી રહ્યો આમાં !

એ ડામ આપે કાશીને અને દાઝે પેલી ચંચળ, એ તો ચંચળને સહન ના થાય, તે બૂમ

પાડે કે હું નીકળી જઉં છું. પછી સોળાં રહે પેલી કાશી બિચારીને.

આજનો જે અહંકાર છે એ ડિસ્ચાર્જ અહંકાર છે, જૂનો અહંકાર. જે કારણો સેવેલાં, તેનું આજે ફળ ભોગવીએ છીએ. એ આપણે કાઢવો હોય તોય જાય નહીં

### મડદાલ અહંકારની ડખલથી પેન્ડીંગ

જ્ઞાન લીધેલાનું 'ચાર્જ' બંધ થઈ જાય છે. 'હું કરું છું' એ ભાન તૂટી જાય છે, એ બધું વ્યવસ્થિત કરે છે અને 'શુદ્ધાત્મા' જ્ઞાતા-દ્રષ્ટા રહે છે. પછી જે થાય તે 'જોયા' કરવાનું છે. એટલે કર્તાપદ આખું ઊડી જાય છે કે જેનાથી 'ચાર્જ' થતું હતું. પછી જે 'ડિસ્ચાર્જ' રહ્યું, તેનો નિકાલ કરવાનો રહે છે.

**પ્રશ્નકર્તા :** નિકાલ થવામાં ડખલ કરે છે એ જ નિશ્ચેતન ચેતન?

**દાદાશ્રી :** એમાં ડખલ કરે ને, એ નિશ્ચેતન ચેતન નહીં, એ પોતાનો મડદાલ અહંકાર. હા, પણ એમાં ડખલ કરે એ બગાડે છે. બાકી, એ તો એની મેળે નિકાલ થવા માટે જ આવ્યું છે.

**પ્રશ્નકર્તા :** એટલે પ્રતિષ્ઠિત આત્મા તરીકે જે જુદો પડ્યો, એની અંદર જો કોઈ પણ પ્રકારની ડખલ પોતે ન કરે તો એની મેળે ગલન થઈ જાય?

**દાદાશ્રી :** હા, એની મેળે સહજ રીતે છૂટે.

**પ્રશ્નકર્તા :** ડખલ કરે તો તેની અંદર ડખો થયા કરે ?

**દાદાશ્રી :** એ ડખલ પાછલો અહંકાર કરે છે, મડદાલ અહંકાર ડખલ કરે છે અને તે મડદાલ અહંકારને બુદ્ધિ છે તે પપલાવે છે. બુદ્ધિ હેરાન કરે છે, બસ. નહીં તો સહજભાવે ઉકલ્યે જ જાય છે.

### પહેલાંની આદતથી રહે બુદ્ધિના ડખા

**પ્રશ્નકર્તા :** આ જ્ઞાન લીધા પછી પણ આ બુદ્ધિ જે ઊભી થયા કરે છે, તે હવે જો જ્ઞાન હોય તો બુદ્ધિ ઊભી ન થવી જોઈએ, ને બુદ્ધિ હોય ત્યાં જ્ઞાન ના હોય ? તો એ કેમ થયા કરે છે ?

**દાદાશ્રી :** ના, પણ આ જે થયા કરે છે ને, આ તમને પહેલાંની આદત છે એટલે બુદ્ધિનો દુરુપયોગ થાય છે. તેથી અમે આજ્ઞા આપીને. જો આજ્ઞામાં રહો તો બુદ્ધિનો ઉપયોગ ના થાય. પણ પહેલાંની તમને આદત છે ને, તે આદત ખસતી નથી. એટલે આદતને લઈને આ દેખાય છે, આવું બધું. એ આદત જવા માટે અમુક વર્ષો થશે, ત્યારે એ આદત જશે અને બુદ્ધિ જો ખલાસ થઈ ગઈ ને, તો પછી આ ડિસ્ચાર્જ (નિર્જરા થતો) અહંકાર, તે પણ ખલાસ થઈ જશે.

**પ્રશ્નકર્તા :** એ ડિસ્ચાર્જ અહંકાર જ્યાં સુધી છે, ત્યાં સુધી બુદ્ધિનાય પર્યાય ઊભા તો થવાના ?

**દાદાશ્રી :** ઊભા રહેવાના ને ! પણ તે ડિસ્ચાર્જ અહંકાર અમુક સ્ટેજમાં આવશે, ત્યારે બુદ્ધિ ગયા બરાબર જ થઈ ગઈ કહેવાય. એટલે જ્યાં સુધી આ હાયર સ્ટેજમાં છે, ત્યાં સુધી ઓછી થતી જાય, પછી રાગે પડી જાય. પછી તમને એમ નહીં લાગે કે બુદ્ધિ છે મારામાં.

**પ્રશ્નકર્તા :** એટલે જેમ આજ્ઞામાં વધુ રહેતા જઈએ, તેમ તેમ ડખો ઓછો થાય ?

**દાદાશ્રી :** પછી (બુદ્ધિ) ડખો નહીં કરે. બુદ્ધિને મેલો પૂળો ! થઈ જાવ શુદ્ધાત્મા, હું શુદ્ધાત્મા છું !

પોતાનો અહંકાર અને બુદ્ધિનો ડખો ખલાસ થઈ જાય ત્યારે માણસ 'પોતાનું' કલ્યાણ કરે.

## બુદ્ધિ કરે ડખો, જ્ઞાન કરે ચોખ્ખું

**પ્રશ્નકર્તા** : જ્ઞાન પરિણામ પામે પછી પણ બુદ્ધિ ડખો કરે ?

**દાદાશ્રી :** હા, ડખો કરે. જ્ઞાન એક બાજુ ચોખ્ખું કરે. બુદ્ધિ ડખો કરે અને જે ચોખ્ખું થાય એ આપણું. આપણે જાણીએ તો બુદ્ધિએ ડખો કર્યો એ ગયું, ડખો કર્યો હતો તે ઊડી ગયું. બુદ્ધિ ડખો કર્યા વગર રહે નહીં ને !

**પ્રશ્નકર્તા** : એ જ ચારિત્રમોહ થયો ?

**દાદાશ્રી :** એ જ ચારિત્રમોહ. ચારિત્રમોહ બધો બુદ્ધિને આધીન છે. દર્શનમોહ એ ગાઢ બુદ્ધિનો પ્રતાપ છે અને ચારિત્રમોહ એ મંદબુદ્ધિનો પ્રતાપ છે. ચારિત્રમોહ એટલે શું ? બુદ્ધિ હવે ખલાસ થવા માટે આવી છે. અને પેલો જે દર્શન મોહ છે ને, એનાથી બુદ્ધિ ખલાસ થાય નહીં, બુદ્ધિ વધ્યા જ કરે. ચારિત્રમોહનો વાંધો નથી. નિવેડો લાવો તો વાંધો નથી. ચારિત્રમોહ ઉપર રાગ-દ્વેષ ના કરે, એનું નામ વીતરાગ. છોકરાએ લાખ રૂપિયા ખોયા, તે ઘડીએ આપણો ચારિત્રમોહ છોકરાને શું કહે ? 'તને પહેલેથી સમજણ હતી નહીં, પહેલેથી અક્કલ ન હતી, તે આ ઊંધું બાફ્યું.' આ પાછો ચારિત્રમોહ. એમની પાછળ તમને પોતાને સમજાય કે આ ખોટું થઈ ગયું. આ બોલીએ છીએ તે ખોટું છે. તે ઘડીએ ભૂંસી નાખે એ. પેલાને કહે ખરો, ડખો કરી નાખે.

**પ્રશ્નકર્તા** : ડખો કરી નાખે એ ચારિત્રમોહ અને પછી જ્ઞાન ભૂંસી નાખે.

**દાદાશ્રી :** દર્શનમોહવાળાનો નિવેડો ના આવે. ચારિત્રમોહવાળાને નિવેડો આવશે એવું નક્કી થઈ ગયું, ગમે એટલું જબરજસ્ત હોય તોય !

## ડખો કરીએ તો જ ચારિત્રમોહ

તમારામાં ચારિત્રમોહ થોડોઘણો ખરો કે ? તમારે શેનો ?

**પ્રશ્નકર્તા** : આ ચારિત્રમોહ જ છે ને ? આ સવારથી ઊઠીને સાંજ સુધીનો ચારિત્રમોહ જ છે ને ?

**દાદાશ્રી :** ના, એ ચારિત્રમોહ ના કહેવાય.

**પ્રશ્નકર્તા** : આ જે જે કરીએ તે શું કહેવાય ?

**દાદાશ્રી :** ના, જે થઈ રહ્યું છે એ ચારિત્રમોહ ના કહેવાય. આપણે એમાં ડખો કરીએ તે ચારિત્રમોહ કહેવાય.

**પ્રશ્નકર્તા** : એમાં ડખો કરીએ તો જ ચારિત્રમોહ ?

**દાદાશ્રી :** હા, ડખો કરીએ તો ચારિત્રમોહ. નહીં તો ભગવાન મહાવીર ચાલ્યા તેને ચારિત્રમોહ કહેત. તો ચાલત શી રીતે ? એવું નહીં. મહાવીર ખાતા હતા, ચાલતા હતા, બધું જ કરતા હતા.

## ડખો છે એટલો ચારિત્રમોહ

ચારિત્રમોહનો ખરો અર્થ ડખો. આ તમે ખાવ છો, પીવો છો, ચા પીવો છો, એ નહીં. હા, 'ચા વગર નહીં ચાલે' એ ડખો. કોઈ પણ ચીજ વગર મારે ચાલે નહીં એ ડખો. જે આવે તે ચાલે. પછી બીજી વખત જેને સ્પૃહા નથી કોઈ પણ વસ્તુની, ડખો નથી, તેને કંઈ નહીં.

આમ રાત્રે સૂઈ ગયા એ મોહ કહેવાય નહીં અને સૂઈ ગયા પછી કહે કે આજે બહુ ગરમી છે, એ ચારિત્રમોહ કહેવાય. સૂવાનો વાંધો નથી, ખાવાનો વાંધો નથી. ખાવું એ ચારિત્રમોહ નથી, પણ આપણે કહીએ કે શાક બરાબર નથી એ ચારિત્રમોહ છે. હા, જેવું હોય તેવું, ઈઝીલી (સરળ), સહજભાવે. ના અનુકૂળ આવે તો ના ખાય, અનુકૂળ આવે એ ખાય, પણ બોલવા-કરવાનું નહીં. કશું ડખો નહીં. જેટલો ડખો છે એટલો ચારિત્રમોહ.

**પ્રશ્નકર્તા :** બાકીના ટાઈમમાં જ્ઞાતા-દ્રષ્ટા ?

**દાદાશ્રી :** એ તો જ્ઞાતા-દ્રષ્ટા હોય જ. ડખો નહીં એટલે જ્ઞાતા-દ્રષ્ટા. ડખો કર્યા વગર રહે નહીં. મોંઘા ભાવની કેરી લાવ્યા અને જરાક ખાટી નીકળે, તે કહેશે કે 'તું મને કહીને ગયો હોત તો સારું. હું તને કહેત કે અમુક દુકાનેથી લઈ આવ.' આવું હઉ કહે. ડખો કર્યા વગર રહે નહીં અને પછી એમેય પાછા જાણે કે આ ડખો થઈ ગયો, આ ન થવું જોઈએ.

## સહજ સિવાય બધું જ ડખો

**પ્રશ્નકર્તા :** આ વિધિ કરીએ એ ચારિત્રમોહ ?

**દાદાશ્રી :** વિધિ કરવાનો વાંધો નથી પણ એમાં ડખો હોય છે કે આ કર્યા વગર નહીં ચાલે મારે. સહજાસહજ મળ્યું તો કંઈ નહિ ને ના મળ્યું તોય કંઈ નહીં પણ ડખો નહીં. કોઈ પણ વસ્તુમાં ડખો માત્ર ના હોવો જોઈએ. ચા મળે તો પીએ અને ના મળે તો કંઈ નહીં. યાદ આવે તેય ડખો !

**પ્રશ્નકર્તા :** જમવાનું યાદ આવે એ ચારિત્રમોહ ?

**દાદાશ્રી :** જમવાનું યાદ આવે એ ચારિત્રમોહ નહીં. ભૂખ લાગે એ ચારિત્રમોહ નહીં. ભૂખમાં શું ખઈશ એ ચારિત્રમોહ. આ જોઈશે મારે એ ચારિત્રમોહ. ખાય-પીએ તેને કોઈ ના નથી. બાવીસ રોટલી ખાતો હોય તોય ભગવાનને ત્યાં વાંધો નથી. આ લોકોને વાંધો છે, તે કહે કે 'બહુ ખા ખા કરે છે આ !' પછી બીજે દહાડે બે રોટલી હોય તો બે ખાય, પણ ડખો નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે ટોટલ (પૂર્ણ) સહજ.

**દાદાશ્રી :** સહજ સિવાય બીજો બધો ડખો. હવે આ ડખો છે, ત્યાં સહજ થઈ જાવ એવું કહે છે. હવે ત્યાં સહજ થઈ ગયા એટલે તમારે કશી લેવાદેવા નહિ, તમે મુક્ત જ છો.

**પ્રશ્નકર્તા :** અને ખાઈએ-પીઈએ નહીં, તો એ બધી ક્રિયા કરી કહેવાય ? એને શું કહેવાય ?

**દાદાશ્રી :** ના, એ ક્રિયા ના કહેવાય. 'કરું છું' એમ કહે તો ક્રિયા. સહજાસહજ થાય તેને કશું નહીં. 'હું કરું છું, મારે ન્હાયા વગર ચાલે નહીં' એ બધી ક્રિયા કહેવાય. પોતે કર્તા થયો કહેવાય.

## માલ જ ભરેલો છે ડખાવાળો

ડિસ્ચાર્જ મોહ એની મેળે ઓગળી જશે, જો મહીં ડખોડખલ ના કરો તો. ડખો ના કરો, શું થાય છે એ જોયા કરો.

**પ્રશ્નકર્તા :** પણ આપણે એને ચારિત્રમોહ તરીકે સમજીએ. આપણે જોતા-જાણતા હોય તોય ડખો થઈ જાય.

**દાદાશ્રી :** જ્ઞાતા-દ્રષ્ટાને ડખો નથી હોતો, ચારિત્રમોહમાં ડખો હોય. 'હું નહીં આવું અત્યારે' કહે. એ પછી ડખો થઈને ઊભો રહે. કારણ કે માલ જ એવો ભરેલો છે ડખાવાળો. તે ડખાવાળો ચારિત્રમોહ નીકળે. જ્ઞાતા-દ્રષ્ટા પાસે બીજું કોઈ વિશેષણ જ ના હોય. ડખો-બખો થાય એ તમે નહીં, પણ આ ચારિત્રમોહનો ડખો હોય.

**પ્રશ્નકર્તા :** પણ દાદાજી, એનું ડખા વગરનું વર્તન કેવું હોય ?

**દાદાશ્રી :** થોડો ઘણો તો ડખો હોય જ. કારણ કે અજ્ઞાનથી જ ચારિત્રમોહ બંધાયેલો છે ને ! અને સજ્ઞાનદશામાં એને જોવાનો છે. એટલે અજ્ઞાનતામાં બંધાયેલું ને ? એટલે થોડો ઘણો તો ડખો હોય જ.

## ડખો કરવો અને ડખો થઈ જવો

**પ્રશ્નકર્તા :** પણ (એય ડખો) પછી વ્યવસ્થિતમાં આવે ખરો ને ?

**દાદાશ્રી :** એય વ્યવસ્થિત જ હોય બધું. પણ દેખાય ડખો, તે આ કો'ક કહે કે ભઈ, આ ડખો કર્યો આમણે પાછો. પણ છે વ્યવસ્થિત. ત્યાં તો છૂટકો જ નહીં ને કર્યા વગર. 'કરે છે' એવું બોલ્યો તેય ઔપચારિક. ખરેખર કર્યો નથી, એ થઈ ગયેલો છે.

ડખો કરવો અને ડખો થઈ ગયો બે વસ્તુ જુદી છે. ડખો કરનાર ડખો કરે છે અને કેટલાકને નથી કરવો છતાં થઈ જાય છે, એ ચારિત્રમોહમાં જાય છે અને કરે છે એ પોતાના મોહમાં જાય છે.

## ડિસ્ચાર્જ ડખામાંય નવો ડખો

**પ્રશ્નકર્તા :** બે જણા વાત કરતા હોય ને આપણે વચમાં બોલીએ, એ આપણે ડખો કર્યો કહેવાય ? કે આપણું ડિસ્ચાર્જ છે એ ?

**દાદાશ્રી :** ડખો કરવાથી ડખો થઈ જાય.

**પ્રશ્નકર્તા :** ડખો કરવાથી એટલે કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** એ કહે કે 'તમે શું કરવા બોલ્યા ?' ત્યારે આપણે કહીએ, 'હવે નહીં બોલું.' તો એ ડખો નહીં. એને બદલે તમે તે ઘડીએ શું કહો કે 'હું નહીં બોલું તો નહીં ચાલે આ ગાડું, બગડશે બધું' એ ડખો. વચ્ચે બોલાઈ જવાય એ ડખો કહેવાય, પણ તે ડખોય ડિસ્ચાર્જ છે. હવે તે ડિસ્ચાર્જ ડખામાંય નવો ડખો થઈ ગયો હોય. ડિસ્ચાર્જ ડખો કોને કહેવાય? પેલો કહે કે 'ના બોલશો. મારે તમારી વાત નથી સાંભળવી.' ત્યારે આપણે કહીએ, 'બંધ, નહીં બોલીએ.' એ ડખો બધો ડિસ્ચાર્જ. એ ડખો કહેવાય નહીં. ડખો તો કોને કહેવાય કે પેલો બોલવાનું ના કહે તોય તમે પેલાને કહો, 'તમે માનતા નથી. મારી વાત તો સાંભળો.' એવું બને કે ના બને?

**પ્રશ્નકર્તા :** બને જ, દાદા. જ્યાં આગ્રહ હોય ત્યાં બને જ.

**દાદાશ્રી :** એ આગ્રહ એ જ ડખો છે. ફરીવાર એમ કહેવાય કે અમે તને વિનંતી કરીએ છીએ કે આમ કરો તો સારું. એ ડખા સ્વરૂપ નહીં. બાકી જ્ઞાન લીધા પછીય ડખો કરે. એની આદત જાય નહીં ને!

## ડખોડખલ કરે તેય ડિઝાઈનમાં જ

**પ્રશ્નકર્તા :** એટલે વર્તનમોહ અહંકારનો કહેવાય ? એ કોનો કહેવાય ?

**દાદાશ્રી :** અહંકારનો જ, બીજા કોનો ? શુદ્ધાત્મા તો જુદો છે જ આ. અને ડિસ્ચાર્જ મોહનું પૂતળું એ જુદું છે. ડિસ્ચાર્જ મોહનું પૂતળું ખાય-પીવે; તે પણ એ આહારી છે તે ખાય છે, વિહારી છે તે ચાલે છે.

**પ્રશ્નકર્તા :** એ ચાલે છે અને પાછું અમુક પ્રકારે ચાલવાનો એવો એને મોહ છે એવું કહેવું છે ?

**દાદાશ્રી :** હા, એ જોવું. એની ડિઝાઈન છે એવી જ, નવી ડિઝાઈન નહીં.

**પ્રશ્નકર્તા :** હવે આ ડિઝાઈન પ્રમાણે આખો વ્યવહાર ઓપન થઈ રહ્યો છે.

**દાદાશ્રી :** યોજનાની જે ડિઝાઈન હતી, તે પ્રમાણે બધું ચાલ્યા કરે છે. હવે સરકારમાં યોજના કરેલી હોય, એ ઘણા ફેરે યોજનાપૂર્વક કામ થાય છે, પણ કો'ક ફેરો ડિઝાઈન બદલે છે એ ત્યાં આગળ, ઓન સાઈટ. એવું આમાં બદલાય નહીં.

**પ્રશ્નકર્તા :** હવે દાખલા તરીકે આ મારે અમુક કંપનીમાં સર્વિસ ચાલે છે, તો હવે એ ડિઝાઈન પ્રમાણે જ હશે ને આખું ?

**દાદાશ્રી :** હં.

**પ્રશ્નકર્તા :** તો એમાં પેલું ડખાડખી કરીએ કે આ કંટાળો આવે છે, આ નથી જોઈતું તો...

**દાદાશ્રી :** એ ડિઝાઈન જ છે ને ! આ ડિઝાઈનમાં જો કદી પોતે છૂટો રહે, જુએ કે આ શું કરે છે એટલે તું છૂટો.

**પ્રશ્નકર્તા :** એટલે પાછું પોતે...

**દાદાશ્રી :** આનો જ્ઞાતા-દ્રષ્ટા રહે. ચંદુભાઈ સામો થઈ ગયેલો દેખે, તોય પણ એનો જ્ઞાતા-દ્રષ્ટા રહે તો બસ, થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** ડિઝાઈનમાં જે ડખોડખલ કરવા માથાકૂટ કરે છે ને, એ પણ ડિઝાઈનનો જ વિભાગ છે ?

**દાદાશ્રી :** ડખોડખલ કરે તેય એમાં ડિઝાઈનમાં જ. આપણે જુદા થઈને જોવાનું.

## અંતઃકરણના જ્ઞાતા-દ્રષ્ટા તો ના રહે ડખો

આ જ્ઞાન પછી ચંદુભાઈ શું કરી રહ્યા છે તે તમારે જોયા કરવાનું. ચંદુભાઈ એ જ્ઞેય છે અને 'તમે' જ્ઞાતા છો. ચંદુભાઈ એકલા નહીં, ચંદુભાઈના મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર બધા શું કરી રહ્યા છે એ જોયા કરવાનું.

મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર બધા જ પોતાના ગુણધર્મમાં બરોબર ચાલે છે કે નહીં તેની તપાસ રાખ્યા કરવાની છે. 'પોતે' 'શુદ્ધાત્મા'માં રહે તો કશો જ વાંધો આવે તેમ નથી. અંતઃકરણ એના ગુણધર્મમાં રહે, જેવું કે મન પેમ્ફલેટ બતાવવાનું કામ કરે, ચિત્ત ફોટા દેખાડે, બુદ્ધિ ડિસીઝન આપે અને અહંકાર સહી કરી આપે, એટલે બધું બરોબર ચાલે. એ એના ગુણધર્મમાં રહે અને શુદ્ધાત્મા પોતાના ગુણધર્મમાં રહે - જ્ઞાતા ને દ્રષ્ટાપદમાં તો કશો જ વાંધો આવે તેમ નથી. દરેક પોતપોતાના ગુણધર્મમાં જ છે. અંતઃકરણમાં કયા કયા ગુણધર્મ બગડેલા છે તેની તપાસ કરવાની અને બગડેલા હોય તો કેવી રીતે સુધારવા એટલું જ કરવાનું. પણ મૂઓ કહે, 'મેં વિચાર કર્યો, હું જ બોલું છું, હું જ કરું છું.' આ હાથ-પગ પણ એના ગુણધર્મમાં છે પણ કહે કે 'હું ચાલ્યો.' માત્ર અહંકાર જ કરે છે અને અહંકારને જ પોતાનો આત્મા માન્યો છે, તેનો જ ડખો છે.

**પ્રશ્નકર્તા :** જ્યારે જપ કરીએ છીએ ત્યારે વિચાર પણ ચાલતા હોય છે અને એને પણ જોનારો હોય છે કે આ વિચાર ચાલે છે અને જપ પણ ચાલે છે, તો આ ત્રણ કોણ છે ? જપ કરનારો કોણ છે, વિચાર કરનારો કોણ છે ? અને એને જોનારો કોણ છે ?

**દાદાશ્રી :** વિચાર કરનારું મન છે, જપ કરનારી વાણી છે અને જોનારો આંધળો અહંકાર બુદ્ધિ સહિત છે. અહંકાર આંધળો છે તે બુદ્ધિ સહિત જુએ છે. આમાં આત્મા વપરાતો નથી. આ જગતમાં જીવો ફરે, એમાં કિંચિત્‌માત્ર, એક વાળ પૂરતોય આત્મા વપરાતો નથી. એ બધો અહંકાર જ છે.

એનો જ બધો ડખો છે. આમથી આમ એ બોલે છે અને આમથી આમ બોલે છે. મહીં તો બહુ ચીજો છે. એક બાજુ આત્માય છે ને એક બાજુ આખું ટોળું છે, વિકલ્પોનું ટોળું.

## અંતઃકરણના ધર્મમાં ડખલથી થાય ડખો

મન મનના ધર્મમાં હોય ત્યારે અવળા વિચાર આવે અને સવળા વિચાર પણ આવે, પણ એ એના ધર્મમાં છે. પણ 'પોતે' સવળો વિચાર આવે ત્યારે કહે કે મારા સારા વિચાર છે, એટલે 'પોતે' તેમાં ભ્રાંતિથી તન્મયાકાર થઈ

જાય છે અને અવળા વિચાર આવે એટલે 'પોતે' તેનાથી છૂટો રહે અને ત્યારે કહે કે મારી ઈચ્છા નથી છતાં એ આવા અવળા વિચાર આવે છે ! અંતઃકરણમાં બધાના ધર્મ જુદા છે. મનનો ધર્મ જુદો, ચિત્તનો ધર્મ જુદો, બુદ્ધિનો ધર્મ જુદો અને અહંકારનો ધર્મ જુદો. આમ, બધાના ધર્મ જુદા જુદા છે. પણ 'પોતે' મહીં ડખલ કરીને ડખો ઊભો કરે છે ! મહીં તન્મયાકાર થઈ જાય છે, એ જ ભ્રાંતિ છે.

જે 'આપણો' ધર્મ નથી, તે 'કરવા' જઈએ તો ડખો થઈ જાય.

મન-બુદ્ધિ-ચિત્ત એ બધા પોતપોતાના ધર્મ બજાવે છે, એમાં આપણો ડખો છે. આપણો એટલે આત્માનો નહીં, આ બેની વચ્ચે 'હું'ની ફાચર છે. 'ઈગોઈઝમ' શાથી છે ? 'રોંગ બિલિફ' ઊભી થાય છે તેથી.

## વહેતા પાણીમાં ડખલ ના કરવી

આ મોટર ડ્રાઈવર ડ્રાઈવીંગનું કામ કરે છે ને સામેથી જો બસ આવે ને બાજુમાં બેઠેલો જો ચલાવનારનો હાથ ઝાલી લે તો ? મૂઆ, અથડાઈ જશે ! તે લોકો બહુ પાકા હોય છે. બસ આવે તોય સ્ટિયરિંગ ઝાલી નથી લેતા. કારણ જાણે છે કે સ્ટિયરિંગ ચલાવનારના હાથમાં છે. જેનું કામ તે જ કરે. આમાં મોટરની સ્થૂળ બાબતમાં લોકો સમજે છે, પણ આ 'મહીં'ની બાબતમાં શી રીતે સમજે ? તે 'પોતે' ડખો કરે જ છે, તેથી ડખલ થઈ જ જાય છે. મોટર ડ્રાઈવર પર છોડે છે તેમ જો 'મહીં'ની બાબતમાં પણ સમજી જાય તો કશી જ ડખોડખલ ના થાય.

આપણે ચાલતાં પાણીમાં ડખલ ના કરવી. એ એની મેળે ચાલ્યા જ કરે છે, એમાં કોઈ અટકવાનું નથી. ડખલ થાય એટલે ડખો થઈ જાય પછી.

## અંતઃકરણના ધર્મને જુઓ-જાણો

આ સંસાર શેનાથી ઊભો છે ? અંતઃકરણમાં મન બૂમાબૂમ કરે તો પોતે ફોન ઝાલી લે ને 'એલાવ, એલાવ' (હેલ્લો, હેલ્લો) કરે, ચિત્તનો ફોન લઈ લે, બુદ્ધિનો ફોન, અહંકાર લઈ લે તેથી. મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર શું ધર્મ બજાવે છે, તે જુઓ અને જાણો. 'આપણે' કોઈનોય ફોન લેવાનો ના હોય. આંખ, કાન, નાક વિગેરે શું શું ધર્મ બજાવે છે, તેના આપણે 'જ્ઞાતા-દ્રષ્ટા'. જો મનનો કે ચિત્તનો કે કોઈનોય ફોન ઝાલ્યો તો બધે અથડામણ થઈ જશે. એ તો જેનો ફોન હોય, તેને 'એલાવ' કરવા દેવું, 'પોતે' કરવું નહીં.

## મહાત્માઓના અંતઃકરણની સ્થિતિ

અક્રમ માર્ગના મહાત્માઓને અંતઃકરણની સ્થિતિ કેવી રહે ? તેમને ડખોડખલ બંધ થઈ ગયા હોય. પણ પાછલાં પરિણામ આવે છે ત્યારે પોતે ગૂંચાઈ જાય છે કે 'મારા' જ પરિણામ છે. જ્યારે મને પૂછે કે 'પોતાના પરિણામ કે બીજાના ? તો હું કહું કે 'આ તો બીજાના પરિણામ છે.

આમને સાથ ન આપીએ અને એને 'જોયા' જ કરીએ તો આપણે છૂટા જ છીએ. જેટલો વખત આપણે એને જોયા કરીએ, તેટલો વખત ચિત્તની શુદ્ધિ થયા કરે. ચિત્ત એકલું જ જો રાગે પડી ગયું તો બધું રાગે આવી જાય. અશુદ્ધ ચિત્તને લઈને ભટક ભટક કરે છે. એટલે ચિત્તની શુદ્ધિ થતાં સુધી જ આ યોગ બરોબર જમાવવાનો છે.

## ન હોય જ્ઞાનીને અંતઃકરણમાં ડખો

'જ્ઞાની' આ દેહની બહાર (જુદા) રહીને જોયા કરે કે આ વાળ હાલે છે, મન શું કરે છે, ચિત્ત-અહંકાર શું કરે છે, બુદ્ધિ શો ડખો કરે છે ? એ બધું 'જ્ઞાની' જુએ.

**પ્રશ્નકર્તા :** આપ્તસૂત્રમાં વાક્ય છે, ''જ્ઞાનીનું

અંતઃકરણ કેવી રીતે કામ કરતું હશે ? 'પોતે' ખસી જાય તો અંતઃકરણથી આત્મા જુદો જ છે.'' એ સમજાવો.

**દાદાશ્રી :** એ અંતઃકરણ એક બાજુ સંસાર કાર્ય કરે અને એક બાજુ આત્મા આત્માનું કાર્ય કરે. 'જ્ઞાની'ને ડખોડખલ હોય નહીં.

અંતઃકરણ કોને કહેવાય કે જેમાંથી કર્તાભાવ ઉત્પન્ન થાય છે, 'હું કંઈક કરું છું' એ ભાવ ઉત્પન્ન થાય છે. એ અંતઃકરણથી 'જ્ઞાની' જુદા હોય. આ 'જ્ઞાન' આપ્યું એટલે તમારે 'રિયલી' કર્તાભાવ રહ્યો નથી, પણ 'રિલેટિવલી' કર્તાભાવ રહ્યો છે, એટલે કે 'ડિસ્ચાર્જ' કર્તાભાવ રહ્યો છે. પણ તમારે હજુ મહીં સહેજ ડખલ રહે છે અને 'જ્ઞાની પુરુષ'ને પેલી ડખલ ના રહે. 'પોતે' ખસી જાય તો 'અંતઃકરણ'થી 'આત્મા' જુદો જ છે. આ 'અંતઃકરણ'માં 'પોતે' રહેલો છે. એ 'પોતે' ખસી જાય.

**પ્રશ્નકર્તા :** 'પોતે' કોણ ? એ 'પોતા'ની 'ડેફિનેશન' આપો ને !

**દાદાશ્રી :** એ જ પોતાપણું છે. અમે કહીએ, 'હેંડો બગીચામાં.' તો તમે ના પાડો કે 'ના, મને નહીં ફાવે ત્યાં આગળ, હું નહીં આવું.' એ જ પોતાપણું. અને 'જ્ઞાની પુરુષ'ને પોતાપણું ના હોય. તે આપણે જેમ કહીએ ત્યાં આવે.

## પોતાપણું ગયે ડખો બંધ થનાર

'જ્ઞાન' હોય તો પોતાપણું જાય, નહીં તો પોતાપણું જાય નહીં.

**પ્રશ્નકર્તા :** આ પોતાપણું ગયેલું હોય, પણ છતાંય ઘણી વખત પાછો ડખો થઈ જાય છે.

**દાદાશ્રી :** પણ ગયું જ ક્યાં છે, તે ડખો થાય છે તમે કહો છો ? કોઈનુંય ગયેલું દેખાતું નથી. એ ગયા પછી તો ફરી ડખો કરે નહીં. એક ફેરો પોતાપણું ગયા પછી એ આમ ડખો નહીં કરવાના. એ ચઢતી-ઉતરતી વસ્તુ નથી, એ તો યથાર્થ વસ્તુ છે. એ ગયું એટલે ગયું, ફરી પાછું ના દેખાય. આ અરધું તમને થઈ ગયું ને અરધું ના થઈ ગયું, એવું તમને લાગ્યું ? ના, એમ નથી. આ પોતાપણું એવી વસ્તુ નથી કે જે એક ફેરો ગયા પછી ફરી એ પાછું આવે. પહેલું તો, પોતાપણું જાય એવું જ નથી ને ! આ 'પોતાપણું જવું' એ વાત પહેલી વખત જ નીકળે છે. અમારે પોતાપણું ના હોય.

## અંતઃકરણમાં ડખો બંધ, તો ભગવાન થઈ જાય

'પોતે' જો ખસી જાય તો 'અંતઃકરણ'થી 'આત્મા' જુદો જ છે. છૂટું પાડ્યા પછી જ્ઞાનીનું અંતઃકરણ પોતે જ સ્વાભાવિક કામ કર્યા કરે. કારણ કે ડખોડખલ બંધ થઈ ગઈ ને ! એટલે અંતઃકરણનું કાર્ય સારામાં સારું ને જ્યાં જરૂર હોય ત્યાં જ થાય ને લોકોને ઉપયોગી થઈ પડે. આત્મા જુદો થઈ જાય તો સાંસારિક કાર્યો અંતઃકરણથી ચાલ્યા કરે, એનું નામ જ સહજ ! દરેક સાંસારિક કાર્યોમાં મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર હાજર ને હાજર રહે, તેમાં પોતાને સંપૂર્ણ જાગૃતિ રહે, વીતરાગ જ રહે.

હવે મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર બધું હોય, અને પોતે એમાં જાગૃત જ હોય કે 'આ' એ અને 'આ' અમે, 'આ' એ અને 'આ' અમે, અને સંપૂર્ણ વીતરાગભાવે રહીએ. જ્ઞાનીને અંતઃકરણ શુદ્ધાત્મા જેવું જ થઈ જાય. એટલે બીજાને એમ જ લાગે કે આ તો ભગવાન જેવા માણસ છે ! બાકી જેને ડખોડખલ હોય, તેને ભગવાન તરીકે લોક ના સ્વીકારે. અને અંતઃકરણ ગયું એ ભગવાન થઈ જાય, અહીં જ ભગવાન !

- જય સચ્ચિદાનંદ

**દાદાવાણી મેગેઝીનના વાર્ષિક સભ્યો માટે સૂચના**

અગર આપે દાદાવાણી મેગેઝીનનું વાર્ષિક લવાજમ ભર્યું છે, તો તે બાર મહિના પછી પૂરું થઈ જાય છે. આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે, એની આપને શી રીતે ખબર પડશે ? જો આપની આ મહિનાની આવેલ દાદાવાણીના કવરના લેબલ પર ગ્રાહક નંબરની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી દાદાવાણી છે. દા.ત. DGIA12345#. જો આપ દાદાવાણી મેગેઝીન રિન્યુ કરાવવા ઈચ્છતા હો તો લવાજમની વિગત અને કયા સરનામે મનીઓર્ડર કે ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવો (સંપર્કસૂત્ર) એની વિગત પેજ નં.૩ પર આપેલ છે.

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૨૨ થી ૨૭ ફેબ્રુઆરી** - વડોદરા શહેરમાં નિર્માણ થયેલ નિષ્પક્ષપાતી ત્રિમંદિરનો ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો. જેમાં વડોદરા તેમજ વિશ્વભરમાંથી આવેલા હજારો મહાત્મા-મુમુક્ષુઓએ લાભ લીધો. પ્રથમ દિવસે સાંજે પૂજ્યશ્રીનું ત્રિમંદિરના પ્રાંગણમાં પરંપરાગત રજવાડી પાઘડી પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. મહાત્માઓને દર્શન આપતા આપતા પૂજ્યશ્રી સ્ટેજ પર પધાર્યા હતા. પ્રથમ બે દિવસ દરમ્યાન 'નિષ્પક્ષપાતી ત્રિમંદિર' અને 'મામાની પોળ' ટોપિક પર પ્રશ્નોત્તરી સત્સંગ થયા હતા. પ્રથમ દિવસે રાત્રે GNCના ૧૩૦ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ડ્રામા અને નૃત્યના માધ્યમ દ્વારા આકર્ષક રીતે રજૂઆત કરી સૌના મન મોહી લીધા હતા. બીજા દિવસે સાંજે ૩૨૦૦ મુમુક્ષુઓએ જ્ઞાનવિધિમાં આત્મજ્ઞાન મેળવ્યું હતું. મહોત્સવ દરમ્યાન નિષ્પક્ષપાતી ત્રિમંદિર અને પરમ પૂજ્ય દાદા ભગવાનના જીવન પ્રસંગો આધારિત પ્રદર્શન અને વિડિયો શોનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન દરરોજ સવારે ત્રિમંદિરમાં સ્થાપિત જુદા જુદા ભગવંતોની પૂજ્યશ્રી દ્વારા પ્રાણપ્રતિષ્ઠા થઈ હતી. અંતિમ દિવસે ત્રિમંદિરના ત્રણ મુખ્ય ભગવંતો - શ્રી સીમંધર સ્વામી, શ્રી કૃષ્ણ ભગવાન અને શ્રી શિવ ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા વિધિ થઈ હતી. ત્યાર બાદ સાંજના સમયે પ્રક્ષાલ-પૂજન-આરતી થયા હતા. જેમાં ત્રણ ગ્રુપમાં અલગ અલગ મહાત્માઓને મંદિરમાં બેસવાનો લાભ આપવામાં આવ્યો હતો. રાત્રિ સેશન દરમ્યાન ગરબા-ભક્તિનું આયોજન થયું હતું. પ્રતિષ્ઠા બાદ ૨૭ તારીખે સવારે ત્રિમંદિરના મંગલ દ્વાર પૂજ્યશ્રીના શુભ હસ્તે ખોલવામાં આવ્યા હતા. પૂજ્યશ્રીએ મંદિરમાં દર્શન-પૂજન-આરતી મહાત્માઓની હાજરીમાં કર્યા હતા. અંતે સેવાર્થી મહાત્માઓ સાથે પૂજ્યશ્રીનો સત્સંગ યોજાયો હતો, તેમાં સેવાર્થી મહાત્માઓએ પોતાના સુંદર અનુભવો વર્ણવ્યા હતા. વડોદરા શહેરના પ્રસિદ્ધ અખબારોમાં આ મહોત્સવના રિપોર્ટ છપાયા હતા.

**૨૮ ફેબ્રુઆરી થી ૨ માર્ચ** - ભાદરણ ખાતે પૂજ્યશ્રીના સાંનિધ્યમાં આપ્તસિંચનના બહેનો માટે ત્રણ દિવસીય શિબિર યોજાઈ. શિબિર દરમ્યાન સાધક બહેનોએ પૂજ્યશ્રી દ્વારા વ્યક્તિગત માર્ગદર્શન, સત્સંગનો અને ઈન્ફોર્મલ સમયનો ભરપૂર લહાવો માણ્યો, જ્યાં તેઓએ ખુલ્લા દિલથી પૂજ્યશ્રી સાથે વાતો કરી હતી. પહેલા દિવસે મહાભારતની મહત્વની ઘટના દર્શાવતું ઐતિહાસિક નાટક અને બીજા દિવસે સિંચનમાં થતા વિવિધ પ્રેઝન્ટેશનની ઝલક રજૂ કરવામાં આવી હતી, છેલ્લે દિવસે પૂજ્યશ્રી પ્રસિદ્ધ ભદ્રકાળી માતાના મદિરે દર્શનાર્થે પધાર્યા અને સાધકોને બ્રહ્મચર્યની શક્તિઓ પૂરી હતી. ભાદરણ ગામના મહાત્માઓ માટે વિશેષ દર્શનનો કાર્યક્રમ ભાદરણ ત્રિમંદિરે રખાયો હતો.

**૬ માર્ચ** - પૂજ્યશ્રી દીપકભાઈ એમના જ્ઞાન દિવસે અડાલજ ત્રિમંદિરના જાયજેન્ટિક હોલમાં પધારી ઉપસ્થિત સર્વે મહાત્માઓને પ્રણામ કરી આશીર્વાદ લીધા હતા. મંદિર તેમજ પૂજ્ય નીરુમાની સમાધિએ દર્શન કરી ઉણોદરી ભવનમાં મહાત્માઓની ઉપસ્થિતિમાં પ્રસાદ લીધો હતો.

**૪ થી ૮ માર્ચ** - સેફ્રોની-મહેસાણા ખાતે અપરિણીત બહેનોની પાંચ દિવસીય બ્રહ્મચર્ય શિબિર યોજાઈ. બ્રહ્મચર્ય પુસ્તકનું પારાયણ, બ્રહ્મચર્ય પર પ્રશ્નોત્તરી સત્સંગ, વુમન્સ ડે નિમિત્તે નારી શક્તિ પર ડ્રામા, ૩ કલાકની દાદાઈ અગિયારસ, એક્ટિવિટી સેશન, સમુદ્રમંથન થીમ પર ડ્રામા, આપ્તપુત્રીઓ દ્વારા ગ્રુપ ડિસ્કશન, વ્યક્તિગત માર્ગદર્શન, સામાયિક, કિર્તન ભક્તિ વિગેરે કાર્યક્રમો થયા હતા. હાજરી માટે ગ્લોબલ સોફ્ટવેરનું પૂજ્યશ્રીના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું તેમજ બધા સાધક બહેનોને કેલેન્ડર સાથે સોવેનિયર આપવામાં આવ્યું હતું.

**૯ થી ૧૩ માર્ચ** - સેફ્રોની-મહેસાણા ખાતે અપરિણીત યુવાનો માટે બ્રહ્મચર્ય શિબિર યોજાઈ. આ વખતે પ્રથમ દિવસ માત્ર આપ્તસંકુલના સાધક ભાઈઓ માટે રાખવામાં આવ્યો હતો. જેમાં પૂજ્યશ્રી સાથે એક સેશન તેમજ સાંજે 'અભેદતા' પર એક્ટિવિટી સેશન રાખવામાં આવી હતી. પછીના ત્રણ દિવસ દરમ્યાન પૂજ્યશ્રી દ્વારા બ્રહ્મચર્ય પુસ્તકનું પારાયણ, 'બ્રહ્મચર્યમાં સિન્સિયારીટી કે પોલ ?' ટોપિક પર સત્સંગ, આપ્તપુત્રો દ્વારા સત્સંગ તથા ગ્રુપ ડિસ્કશન, ગરબા, જગત કલ્યાણની ભાવનાની સામાયિક વિગેરેની ગોઠવણ કરવામાં આવી હતી. આજના ટેક્નોલોજી યુગમાં ઈન્ટરનેટના દુરુપયોગથી માણસની શું હાલત થાય છે અને શું પરિણામ આવી શકે એની રજૂઆત કરતું સુંદર નાટક MBA સાધક ભાઈઓ દ્વારા ભજવવામાં આવ્યું હતું. કુલ ૪૬૫ જેટલા યુવાન ભાઈઓ શિબિરનો લાભ લીધો હતો. પૂજ્યશ્રી સાથે મોર્નિંગ વોક, ફોટો સેશન અને ડિનરનો પણ સાધકોને લાભ મળ્યો હતો. બ્રહ્મચર્ય સત્સંગોની ડીવીડી અને 'શીલ સાધક' કેપનું પૂજ્યશ્રીએ વિમોચન કર્યું હતું

શિબિર પછીના દિવસે પૂજ્યશ્રી સાથે અંબાજી યાત્રાનું ઓયોજન થયું હતું. માતાજીના દર્શન કરી સાધક ભાઈઓ-બહેનોએ પૂજ્યશ્રીની તંદુરસ્તી માટે અંબા માતાજીને પ્રાર્થના કરી હતી. પૂજ્યશ્રીએ જગત કલ્યાણ અને બ્રહ્મચર્ય માટે પ્રાર્થના બોલાવી હતી. તેમજ ઉપસ્થિત દર્શનાર્થીઓ તેમજ સાધક ભાઈઓ-બહેનોને દર્શનનો લાભ મળ્યો હતો. બપોરે ભોજન પ્રસાદ લઈ સાધકો ગબ્બર પહાડ પર અંબા માતાજીના દર્શનાર્થે ગયા હતા.

## પૂજ્ય દીપકભાઈનો યુ.એસ.એ.-કેનેડા સત્સંગ કાર્યક્રમ - વર્ષ ૨૦૧૭

**પૂજ્ય દીપકભાઈ તા. ૧૧ જૂન (સોમવાર)ના રોજ વિદેશ સત્સંગ પ્રવાસ માટે નીકળશે.**

**27-29 Jun** Satsang-Gnanvidhi **Richmond, VA**
**4-10 Jul** Guruprunima Shibir **Philadelphia, PA**
**(9 Jul - Gurupurnima Day)**
**15-17 Jul** Satsang-Gnanvidhi **Lowell, MA**
**18-20 Jul** Satsang-Gnanvidhi **Chicago, IL**
**21-23 Jul** Satsang-Gnanvidhi **Toronto, Canada**
**28-30 Jul** Satsang-Gnanvidhi **Raleigh, NC**
**1-3 Aug** Satsang-Gnanvidhi **Atlanta, GA**
**4-6 Aug** Satsang-Gnanvidhi **Los Angeles, CA**

**યુ.એસ.એ.-કેનેડા સત્સંગ કાર્યક્રમો માટે સંપર્ક : +1 877-505-DADA(3232)**

**નોંધ :** ઉપરોક્ત કાર્યક્રમમાં ફક્ત મહાત્માઓ માટેના સત્સંગ તથા આપ્તપુત્ર સત્સંગની તારીખો પણ સામેલ કરેલ છે. આ સત્સંગ પ્રવાસનો વિગતવાર કાર્યક્રમ મે તથા જૂન ૨૦૧૭ મહિનાની દાદાવાણીમાં પ્રકાશિત થશે.
વધુ જાણકારી માટે https://usevents.dadabhagwan.org/Events/Default.aspx વેબપેજની મુલાકાત લો.

---

### પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન' - ગુજરાત (ગિરનાર)** પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ** પર દરરોજ સાંજે ૫ થી ૫-૩૦
- **'दूरदर्शन'-बिहार** पर हर रोज़ सुबह 7-30 से 8 तथा शाम 6-30 से 7 (हिन्दी में)
- **'डीडी'-इन्डिया** पर हर रोज़ शाम 6 से 6-30 (हिन्दी में)

**USA**
- **'TV Asia'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- **'कलर्स' टीवी** पर सोम से शनि सुबह 8 से 8-30 (हिन्दी में)

**UK**
- **'वीनस' टीवी** पर हर रोज़ सुबह 8 से 8-30 (हिन्दी में)
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में)

### પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર)** પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪ તથા રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
- **'અરિહંત' ચેનલ પર** દરરોજ રાત્રે ૮ થી ૯
- **'दूरदर्शन'-सह्याद्रि** पर हर रोज़ सुबह 7 से 7-30 (मराठी में)
- **'दूरदर्शन'-नेशनल** पर सोम से शुक्र, सुबह 8-30 से 9 ; शनि, सुबह 9 से 9-30 ; रवि, सुबह 6-30 से 7 (हिन्दी में)
- **'दूरदर्शन'-मध्यप्रदेश** पर सोम से शनि, दोपहर 3-30 से 4 ; रवि, शाम 6 से 6-30 (हिन्दी में)
- **'दूरदर्शन'-उत्तरप्रदेश** पर हर रोज़ रात 9-30 से 10 (हिन्दी में)

**UK**
- **'વીનસ' ટીવી** પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ (ગુજરાતીમાં)
- **'रिश्ते' चेनल** पर हर रोज़ सुबह 7-30 से 8 (हिन्दी में) - **नया कार्यक्रम**

**USA**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7 से 7-30 EST (हिन्दी में)

**Singapore**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 4-30 से 5 तथा सुबह 7 से 7-30 (हिन्दी में)

**Australia**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7-30 से 8 तथा सुबह 10 से 10-30 (हिन्दी में)

**New Zealand**
- **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 9-30 से 10 तथा रात 12 से 12-30 (हिन्दी में)

**USA-UK-Africa-Aus.**
- **'આસ્થા'** પર દરરોજ રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

---

**આ વર્ષથી સમર કેમ્પ માટે online રજિસ્ટ્રેશન ચાલુ કરેલ છે.**

રજિસ્ટ્રેશન kids.dadabhagwan.org તેમજ youth.dadabhagwan.org પરથી થઈ શકશે. આ માટેની સીધી લીંક gncevents.dadabhagwan.org છે.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ:** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ:** ૯૯૨૪૩૪૫૫૮૮; **અંજાર:** ૯૯૨૪૩૪૬૬૨૨
**ગોધરા:** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી:** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨, **અમરેલી:** ૯૯૨૪૩૪૪૪૬૦; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭
**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ:**(૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧
**U.S.A.-Canada:** +1 877-505-DADA(3232); **U.K.:** +44 330-111-DADA(3232); **Australia :** +61 421127947

## Pujya Deepakbhai's UK - Germany Satsang Schedule (2017)

Contact no. for all centers in UK + 44-330-111-DADA (3232), email:info@uk.dadabhagwan.org

| Date | From | to | Event | Venue |
|---|---|---|---|---|
| 21-Apr-17 | 7-30PM | 10PM | Satsang | Harrow Leisure Centre, Byron Hall, Christchurch Avenue, **Harrow**, HA3 5BD |
| 22-Apr-17 | 10-30AM | 12-30PM | Aptaputra Satsang in English | |
| 22-Apr-17 | 7-30PM | 10PM | Satsang | |
| 23-Apr-17 | 10-30AM | 12-30PM | Aptaputra Satsang | |
| 23-Apr-17 | 3PM | 7-30PM | Gnanvidhi | |
| 24-Apr-17 | 7-30PM | 10PM | Satsang | |
| 26-Apr-17 | 5PM | 7-30PM | Parayan (Science Of Karma) | Sauerland Stern Hotel **Willingen, Germany** Email - info@dadabhagwan.de |
| 27-Apr-17 | 10AM | 12-30PM | Parayan (Science Of Karma) | |
| 27-Apr-17 | 5PM | 7-30PM | Parayan (Science Of Karma) | |
| 28-Apr-17 | 10AM | 12-30PM | Satsang | |
| 28-Apr-17 | 4-30PM | 7PM | Gnanvidhi | |
| 29-Apr-17 | 10AM | 12-30PM | Satsang | |
| 29-Apr-17 | 4-30PM | 7PM | Satsang | |
| 30-Apr-17 | 10AM | 12-30PM | Darshan | |

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### અડાલજ ત્રિમંદિરમાં PMHT (પેરન્ટ્સ મહાત્મા) શિબિર

**૫ મે** (શુક્ર) સાંજે ૪-૩૦ થી ૭ **પતિ-પત્ની વચ્ચે કેવી રીતે સુમેળતા સાધવી**

**૬ મે** (શનિ) સવારે ૯ થી ૧૧-૩૦ **પારાયણ - મા-બાપ છોકરાનો વ્યવહાર**

**૭ મે** (રવિ) સવારે ૯ થી ૧૧-૩૦ **છોકરાઓને ક્યાં ક્યાં એન્કરેજ કરવા અને ક્યાં ડિસ્કરેજ કરવા**

**૮ મે** (સોમ) સવારે ૯ થી ૧૧-૩૦ **પારાયણ - પૈસાનો વ્યવહાર**

**૯ મે** (મંગળ) સવારે ૯ થી ૧૧-૩૦ **લક્ષ્મીના આધારે કચ કચ**

**૯ મે** (મંગળ) રાત્રે ૯ વાગ્યાથી **પૂજ્યશ્રીના જન્મદિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

**નોંધ :** ૧) આ શિબિર જ્ઞાન લીધેલ પરિણીત મહાત્માઓ માટે રહેશે. ૨) શિબિરમાં ઉપરોક્ત સત્સંગ સિવાય આપ્તપુત્રો-આપ્તપુત્રીઓ દ્વારા ગ્રુપ સત્સંગ, સ્પેશ્યલ PMHT સીડી, ભક્તિ તથા અન્ય કાર્યક્રમો રહેશે. ૩) શિબિરમાં ભાગ લેવા માટે પોતાના સેન્ટર પર અને જ્યાં સેન્ટર ના હોય એમણે અડાલજ ત્રિમંદિર ખાતે ૦૭૯-૩૯૮૩૦૪૦૦ નં. (સવારે ૯ થી ૧૨, બપોરે ૩ થી ૬) પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

---

### ભરૂચ

**૧૬ મે** (મંગળ) સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ **સત્સંગ** (ટોપિક - રોજિંદા વ્યવહારમાં ક્રોધ સામે ઉપાય)

**૧૭ મે** (બુધ) સાંજે ૭ થી ૧૦-૩૦ **જ્ઞાનવિધિ**

**૧૮ મે** (ગુરુ) રાત્રે ૭-૩૦ થી ૧૦-૩૦ **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** સાંઈ મંદિર ગ્રાઉન્ડ, ઝાડેશ્વર લેક પાસે, ઝાડેશ્વર રોડ, ભરૂચ (ગુજરાત). **સંપર્ક :** ૯૯૨૪૩૪૮૮૮૨

### સુરત

**૧૯ મે** (શુક્ર) રાત્રે ૮ થી ૧૧ **સત્સંગ** (ટોપિક - લક્ષ્મી સંબંધી ભય-ઉપાધિથી છુટકારો)

**૨૦ મે** (શનિ) રાત્રે ૮ થી ૧૧ **સત્સંગ** (ટોપિક - સંસાર સળગ્યો વેરથી)

**૨૧ મે** (રવિ) સાંજે ૫-૩૦ થી ૯ **જ્ઞાનવિધિ**

**૨૨ મે** (સોમ) રાત્રે ૮ થી ૧૧ **આપ્તપુત્ર સત્સંગ** **સંપર્ક :** ૯૫૭૪૦૦૮૦૦૭

**સ્થળ :** SMC પાર્ટી પ્લોટ, જ્યોતિન્દ્ર દવે ગાર્ડનની બાજુમાં, પ્રાઈમ આર્કેડની આગળ, ન્યુ રાંદેર રોડ.

એપ્રિલ ૨૦૧૭
વર્ષ-૨૨, અંક-૮
સળંગ અંક-૨૬૦

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/23/2015
Valid up to 31-12-2017
Posted at AHD, P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## અંતઃકરણ શુદ્ધ થઈ જાય તો અહીં જ ભગવાન

જ્ઞાનીનું અંતઃકરણ કેવી રીતે કાર્ય કરતું હોય ? 'પોતે' જો ખસી જાય તો 'અંતઃકરણ'થી 'આત્મા' જુદો જ છે. આત્મા જુદો થઈ જાય તો સાંસારિક કાર્ય અંતઃકરણથી ચાલ્યા કરે. કારણ કે ડખોડખલ બંધ થઈ ગઈ ને, એટલે અંતઃકરણનું કાર્ય સારામાં સારું ને જ્યાં જરૂર હોય ત્યાં જ થાય ને લોકોને ઉપયોગી થઈ પડે. આત્મા જુદો થઈ જાય તો સાંસારિક કાર્યો અંતઃકરણથી ચાલ્યા કરે, એનું નામ જ સહજ ! હવે મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર બધું હોય અને પોતે એમાં જાગૃત જ હોય કે 'આ' એ અને 'આ' અમે, અને સંપૂર્ણ વીતરાગભાવે રહે. જ્ઞાનીને અંતઃકરણ શુદ્ધાત્મા જેવું જ થઈ જાય. એટલે બીજાને એમ જ લાગે કે આ તો ભગવાન જેવા માણસ છે ! બાકી જેને ડખોડખલ હોય, તેને ભગવાન તરીકે લોક ના સ્વીકારે અને અંતઃકરણ ગયું એ ભગવાન થઈ જાય, અહીં જ ભગવાન !

- દાદા ભગવાન

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.